નરવીર કેશરા પરમેશ્વરા શાહ દ્વિશતાબ્દી મહોત્સવ

વિ.સં. ૧૮૨૪-૨૦૭૪

૨૫૦

શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સત્સંગ સમાજ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજમાં

સત્સંગનાં પગલાં



✻ પ્રકાશક ✻

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ

સત્સંગ ભવન, રવાપર-કચ્છ.

નરવીર કેશરા પરમેશ્વરા શાઈ દ્વિશતાબ્દી મહોત્સવ

વિ.સં. ૧૮૨૪-૨૦૭૪

૨૫૦

શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સત્સંગ સમાજ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજમાં

સત્સંગનાં પગલાં



✻ પ્રકાશક ✻

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ

સત્સંગ ભવન, રવાપર-કચ્છ.


સત્સંગ ભવન



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજના કેન્દ્રિય સ્થાન "સત્સંગ ભવન" રવાપર-કચ્છ




realpatidar.com
શ્રી સ્વામિનારાયણ ભગવાન
1
realpatidar.com


realpatidar.com
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી
2
realpatidar.com




આદ્ય સમાજ સુધારક

નરવીર કેશરા 'પરમેશ્વરા' સાંખલા

નેત્રા-કચ્છ

જન્મ
ચૈત્ર સુદ ૧૫, વિ.સ. ૧૮૨૪

અક્ષરનિવાસ
આસો વદ ૧૪, વિ.સ. ૧૯૩૪



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજમાં

સત્સંગનાં પગલાં



લેખક તથા સંકલન

શ્રી ખીમજીભાઈ નારણભાઈ પોકાર

શ્રી નરસિંહભાઈ નારણભાઈ સાંખલા

શ્રી પરષોત્તમભાઈ દેવજીભાઈ વાસાણી

॥ શ્રી ગણેશાય નમઃ ॥



નરવીર કેશરા પરમેશ્વરા
શાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે

પ્રકાશિત

સમાજમાં સત્સંગનાં પગલાં

-: પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :-

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ

સત્સંગ ભવન, મુ. રવાપર, તા. નખત્રાણા (કચ્છ)

મો.: ૯૮૨૫૨ ૨૩૧૩૯

- પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮
- પ્રત : ૧૫૦૦
- મુલ્ય : અમુલ્ય

મુદ્રક : આકૃતિ પ્રિન્ટર્સ,
રખિયાલ, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૨૯૧૦૪૬૭

પ્રસ્તાવના

આજથી ૨૫૦ વર્ષ પહેલાં કચ્છ કડવા પાટીદાર સમાજના ભાગ્યમાં "નરવીર કેશરા પરમેશ્વરા" નામના સુર્યનો ઉદય થયો. જેને પરિણામે આપણી જ્ઞાતિના ભાગ્ય બદલાઈ ગયા. આ અરસામાં જ ભગવાન સ્વામિનારાયણનું પણ પ્રાગટ્ય થયું હતું. જે એક શુભન્વય જ ગણી શકાય. આપણી કચ્છ કડવા પાટીદાર સમાજમાં સત્સંગનાં પગલાં પાડનાર જો કોઈ નરવીર હોય તો આપણા "કેશરા પરમેશ્વરા" જ છે. આવા આપણા જ્ઞાતિ ઉદ્ધારકની કર્તવ્યનિષ્ઠાના ફળ સ્વરૂપે તેમના માનમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ "નરવીર કેશરા પરમેશ્વરા શાર્ધ-દ્વિશતાબ્દી મહોત્સવ" ઉજવવા જઈ રહ્યો છે ત્યારે આપણા સમાજમાં "સત્સંગનાં પગલાં" નામની પુસ્તિકાનું પ્રકાશન કરી ઈતિહાસની ઝાંખી આલેખવાનો આછેરો પ્રયાસ કર્યો છે. જ્યાંથી પણ પૂરક માહિતી મળી છે ત્યાંથી તાણા-વાણા ભેગા કરી આ પુસ્તિકા આપના કરકમળમાં મુકતાં સત્સંગ સમાજ આનંદની લાગણી અનુભવે છે.

આ પુસ્તિકાના આલેખનમાં સત્સંગ સમાજમાં પગલાં પાડનાર સમાજના આદ્ય સમાજ સુધારક "નરવીર કેશરા પરમેશ્વરા"ના જીવન વૃત્તાંતની પુસ્તિકાની સાથે સાથે આ નાનકડી પુસ્તિકાના માધ્યમથી કદમે કદમ મીલાવવાનો થોડો પ્રયાસ કર્યો છે. આપણા સત્સંગના સાત ગામનો ઈતિહાસ તથા દેવ મંદિરો અને આધ્યાત્મીક માર્ગે પગલાં પાડનાર સમાજનાં દિકરા-દિકરી જેમણે આ સંસારનો ત્યાગ કરી ભુજ મંદિરમાં તથા અન્ય મંદિરોમાં દિક્ષા ગ્રહણ કરીને સંત (સાધુ) તથા સાંખ્ય યોગ ગ્રહણ કરી સત્સંગમાં પગલાં પાડ્યાં છે એવા તપસ્વીઓને યાદ કરીને તેઓના ગામે ગામની નામાવલી પ્રગટ કરતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

"નરવીર કેશરા પરમેશ્વરા શાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવ" પ્રસંગે સમાજમાં સત્સંગનાં પગલાંની પ્રથમ આવૃત્તિના પ્રકાશનમાં આર્થિક યોગદાન આપનાર શ્રી ધરમશીભાઈ શામજીભાઈ ભગત (મુંબઈ)નો અંતઃકરણપૂર્વક આભાર તથા આ પુસ્તિકાના સંકલન તથા પ્રુફ રિડીંગમાં સહકાર આપનાર શાંતિલાલ ધનજીભાઈ ચવાણ, દહાણું રોડ તથા વિનોદભાઈ દેવજીભાઈ સાંખલા, બોઈસરનો પણ વિશેષ આભાર વ્યક્ત કરતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

લી.

પૂર્વ પ્રમુખ શ્રી ખીમજીભાઈ નારાણભાઈ પોકાર
નરસિંહભાઈ નારાણભાઈ સાંખલા
પુરૂષોત્તમભાઈ દેવજીભાઈ વાસાણી

સૃષ્ટિના આદિ પુરુષ કશ્યપને કુર્મ ઋષિની ઊત્પત્તિ

હિન્દની છપસલ પરિસ્થિતિનો ચિતાર જાણવા માટે આધારભૂત અને પ્રમાણિક ગ્રંથો તરીકે આપણી પાસે આપણા વેદો મોજુદ છે. જ્યારે અસલમાં યુરોપ, અમેરિકા આદી અન્ય દેશો સુધારાની બાબતમાં પછાત હતા ત્યારે ભરતખંડ સંપૂર્ણ રીતે ઉન્નતિના શિખરે પહોંચી ચુકયો હતો એવું આપણા વેદો ઉપરથી દુનિયાને નિ:શંકપણે કબુલ કરવું પડે છે. ભરતખંડની સીમા અત્યારે છે તે ન હતી. અફઘાનિસ્તાન પામિરના ઉચ્ચ પ્રદેશો ભરતખંડની સીમામાં જ હતા. ઋગ્વેદ તેમજ મહાભારત, રામાયણ ગ્રંથોથી માલુમ પડે છે. ઋગ્વેદના મંત્રો પરથી જણાય છે કે આપણા પૂર્વજોએ અફઘાનિસ્તાનના પ્રદેશોમાં પ્રાચીન કુભા (કાબુલ) નદી પર ઘણા કાળ સુધી શાંતિથી વાસ કર્યો છે.

આપણા મુળ પુરુષ તરીકે કશ્યપ ઋષિ હોવાનું આપણાં શાસ્ત્રો બતાવે છે. તેમનાથી આપણા મુળ પુરુષ કુર્મ ઋષિ થયા હતા. જે ચંદ્રવંશી હોવાનો ઉલ્લેખ જોવા મળે છે. આ કુર્મિ ઋષિના વંશજો કુર્મિ (કણબી) તરીકે ઓળખાય છે. સ્કંદ પુરાણમાં કુર્મ ઋષિના વંશજો વિશે યોગ્ય પ્રમાણમાં ઉલ્લેખ જોવા મળે છે. જેમ કે...

હતેયા દેવી ભક્તાનાં મધ્યણવં કુર્મ વંશીય્ય નિરૂપણાકૃતમ,
તથા હિમાલ માલિની મનતમ્ચ કુર્મ નામના ઋષિ કુલે.
(સ્કંદ પુરાણે સહ્યાદ્રિ ખંડે અ. ૩૦ શ્લોક : ૬૪)

ઉપરોક્ત બાબતો જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે પાટીદાર કણબીના પૂર્વજો જે કુર્મિ તરીકે ઓળખાતા હતા તેઓ ઉત્પતિની દૃષ્ટિએ ક્ષત્રીય ચંદ્રવંશી છે. પરંતુ કાલક્રમે આ સત્ય ભુલાતું ગયું. અને વ્યવસાયની દૃષ્ટિએ વૈશ્ય ગણાતા કુર્મિયો આજે કણબી તરીકે ઓળખાય છે.

સ્કંદ પુરાણમાં સહ્યાદ્રિ ખંડે આદી રહસ્યે કુર્મ ઋષિની વંશાવલી જોવા મળે છે.

ક્ષિરસાગરમાં શેષજીની શયા પર શયન કરી રહેલા વિષ્ણુ ભગવાનના નાભી કમળમાંથી શ્રી બ્રહ્માજી પ્રગટ થયા. તેમનાથી સમગ્ર સૃષ્ટિના પિતા આદી પુરુષ શ્રી કશ્યપ ઋષિ ઉત્પન્ન થયા. તેમનાથી મહાત્મા અત્રિ ઉત્પન્ન થયા. તેમનાથી ચંદ્ર ઉત્પન્ન થયા. તેમનાથી બુધ. બુધના વંશમાં કુર્મ ઋષિ ઉત્પન્ન થયા. આ ચંદ્રવંશનો વિસ્તાર સ્કંદ પુરાણમાં નિરૂપણ કરેલ છે. આ

વંશની વૃદ્ધિ કરનાર મહાપુરુષોની સ્કંદ પુરાણોમાં અનેક શ્લોકથી સ્તુતિ કરેલ છે. એવા પુરુષોના પવિત્રને વિસ્તરણીય વંશ આજ સુધી આ અવનીમાં વિખ્યાતિને ફેલાવતો રહે છે.

અફઘાનિસ્તાનમાં વસવાટ પછી આ પ્રદેશની અવર્ણનીય કુદરતી શોભા નિહાળતા અને તેની ફળદ્રુપ જમીનમાં ખેતી કરતા હિન્દુકુશને હિમાલય પર્વત પાર કરતાં પંજાબ તરફ ફેલાવા લાગ્યા. ઐતિહાસિક લેખો, સિક્કાઓ, શિલ્પો વિગેરે પરથી જાણવા મળે છે. સપ્તસિંધુના પ્રદેશમાં વસવાટ કરતા હતા. ભરતખંડની પરમ સીમા જાહોજલાલીથી ભરપુર હતો તે જોઈ પંજાબ ઉપર જુદા જુદા પરદેશોમાંથી શક, હુણ, બલ્ખ, તાર્તાર વિગેરે વિધર્મીઓના વારંવાર આક્રમણો થવા લાગ્યા હતા. આથી છિન્ન-ભિન્ન થયેલ રાજ્ય વ્યવસ્થાને કારણે કુર્મિ ક્ષત્રિયો પંજાબમાંથી સ્થળાંતર કરી ગંગા-જમનાના ફળદ્રુપ પ્રદેશમાં વસ્યા. ત્યાં પણ વિધર્મીઓ ઈસ્લામના વારંવાર આક્રમણોથી રાજા કનિષ્કના સમયમાં પંજાબના ગુજરાન વાલાના વિસ્તારની આસપાસ ગુર્જરો અને કુર્મિયોએ મુળપ્રદેશ છોડી મથુરા તરફ પ્રયાસ કર્યું. ત્યાંથી માળવા અને આર્નંત પ્રદેશ એટલે આજના ગુજરાત સુધી ફેલાયા હતા.



ઊત્પત્તિને ગોત્ર પરંપરા

વહીવંચાના ચોપડાના આધારે પ્રાપ્ત થતી માહિતી શ્રદ્ધા પ્રેરે તેવી હોવાથી તેનું માનવ જીવનમાં એક પ્રકારનું નિશ્ચિત સ્થાન છે. તેમાં રહેલું આકર્ષણનું તત્વ તે બાબતોને રજૂ કરવા લલચાવે છે. ચમત્કારોથી ભરેલ કથાઓ શ્રદ્ધા પ્રેરે તેવી હોવાથી તેના આધારે તે હકિકતનો સ્વીકાર કરવો જ રહ્યો.

પૌરાણિક કાળમાં ભગવાન પરશુરામે અનેકવાર પૃથ્વી પરથી ક્ષત્રિયોનો નાશ કર્યો. ક્ષત્રિયોના નાશથી રાક્ષસ અને અસુરોનું જોર વધતું જતું હતું. પરિણામે ઋષિ-મુનિઓ તપ, જપ, યજ્ઞ, પૂજાવિધિ વિગેરે ધાર્મિક કાર્ય કરી શકતા ન હતા. જ્યારે જ્યારે દાનવો તરફથી દેવોને ઋષિ-મુનિઓને દુ:ખ થતું ત્યારે તેઓ શંકર આદી દેવોને વિનવવા જતા હતા અને પોતાનું દુ:ખ ગમે તે પ્રકારે દૂર કરવાની પ્રાર્થના કરતા હતા તેમ ત્યાં બાવન ઋષિઓ ભેગા થઈ કૈલાસ પર શંકરને વિનવવા ગયા, પરંતુ મહાદેવ તપ નિમિત્તે અજપા જાપ ધરી સમાધી કરી બેઠા હતા. તેથી પાર્વતીએ આવનાર ઋષિ-મુનિઓની આગતા-સ્વાગતા કરી ઋષિ-મુનિઓને આવવાનું પ્રયોજન પુછયું. ઋષિઓએ રાક્ષસો અને અસુરો દ્વારા તેમના યજ્ઞમાં જે વિઘ્નો થતાં હતાં તે માટે રક્ષણ માગ્યું. આથી પાર્વતીજીએ તેઓને અભયદાન આપ્યું તેથી આવેલ આ ઋષિઓ શ્રી ઉમાદેવી તથા શ્રી શંકર ભગવાનની સેવા કરવા કૈલાસમાં જ રોકાઈ ગયા. આ બાવન ઋષિ-મુનિઓના વંશજો કાળાંતરે સ્થળાંતર કરી હિમાલય છોડી પંજાબથી મથુરા થઈ માળવા થઈ બાંસવાડા થઈ આર્નત પ્રદેશ એટલે હાલના ગુજરાત સુધી આવીને વસ્યા. આ વંશજોએ પોતાના પૂર્વજોના બાવન ઋષિઓના વંશજોના બાવન શાખાઓ સાથે જે ઋષિથી વંશ વિસ્તાર થયો તેના પરથી ગોત્ર પરંપરા પડી જે આજ પર્યાન્ત ચાલુ છે.



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની ગોત્ર સહિતની બાવન શાખાઓ તેમજ પેટા શાખાઓ

ક્રમ	શાખા	પેટા શાખાઓ	ગોત્ર
૧	રૂષાત	દડગા	કાર્તિક ઋષિ
૨	માંડલોત	લીંબાણી, આણદાણી	ભૃગુ ઋષિ
૩	ભેમાત	રામજીયાણી	યમદગ્નિ ઋષિ
૪	ડાકોતર	સેંઘાણી	અગત્સ્ય ઋષિ
૫	મુંજાત	વેલાણી	અસિત ઋષિ
૬	ગામી	રામાણી, રવાણી, સેંઘાણી, રાજાણી, વાલાણી, ધનાણી, દાનાણી, નાથાણી, રૂમાણી, ભોજાણી, મેપાણી, છાભાણી, સુરાણી, વાલજીયાણી, ડોસાણી, રૈયાણી, કમાણી, તેજાણી, પદમાણી	વશિષ્ઠ ઋષિ
૭	વિજાયત	કચ્છમાં નથી	અંગીરસ ઋષિ
૮	ગોઠી	માકાણી	અર્પમા/સર્પમા ઋષિ
૯	મોખાત	નાકરાણી, પાચાણી, સોમજીયાણી, મેઘાણી, માનાણી, જાદવાણી, અખિયાણી	ભારદ્વાજ ઋષિ
૧૦	ફોક	કચ્છમાં નથી	દ્વિક્ષ ઋષિ
૧૧	અમૃતિયા	રંગાણી	શૌનક ઋષિ
૧૨	ટીલાત	માવાણી, સવાણી, લાલાણી, મેપાણી, બંધુક્રિયા	સૌભરી ઋષિ
૧૩	મુંગલા	કચ્છમાં નથી	કુર્વાસ ઋષિ
૧૪	ભુત	કચ્છમાં નથી	પુલહ ઋષિ
૧૫	કડવાતર	ચીકાણી	રોમેશ ઋષિ
૧૬	પહાણ	ઠાકરાણી	દધિચી ઋષિ
૧૭	ભુવા	સુરાણી ભગત, પદમાણી, ભોજાણી, નાયાણી, સામાણી, વાલાણી, સેંઘાણી, માનાણી, રતનાણી, ખેતાણી	કશ્યપ ઋષિ
૧૮	ચેચાટ	કચ્છમાં નથી	વેદસીરા ઋષિ
૧૯	જુવાતર	જબુવાણી, વાઘડીયા	ત્વષ્ઠા ઋષિ
૨૦	સોરઠા	કચ્છમાં નથી	પતંજલિ ઋષિ
૨૧	લારી	વાડીયા	ઉતંગ ઋષિ
૨૨	લાકોડા	કચ્છમાં નથી	શ્રુતદેવ ઋષિ
૨૩	ગોગડા	ગોરાણી, હળપાણી, માનકુવાઈ, રાવરાણી, ડોસાણી	ચવરવ ઋષિ
૨૪	સાકરીયા	મૈયાત, વાસાણી, ભાદાણી, રવાણી	શ્રૃંગી ઋષિ
૨૫	મજીઠીયા	ગોગારી	માર્કંડ ઋષિ
૨૬	મનવર	સાંખલા, પ્રેમજીયાણી	દેવલ ઋષિ
૨૭	કતવર	કચ્છમાં નથી	આસુરી ઋષિ
૨૮	દાણી	ભાવાણી	શાંડિલ્ય ઋષિ
૨૯	ચેણીયા	કચ્છમાં નથી	ગાલવ ઋષિ
૩૦	ચપલા	કચ્છમાં નથી	અમ્પાતરમ ઋષિ
૩૧	હરણીયા	કચ્છમાં નથી	બોધ્ય ઋષિ
૩૨	હોતી	ચૌધરી	વાલ્મિકી ઋષિ
૩૩	ચપેલીયા	પજવાણી	માતંડ ઋષિ
૩૪	શેઠીયા	ભીમાણી, પરવાડીયા	પુલત્સ્ય ઋષિ
૩૫	લહુઓટ	ભગત	રૂચિક ઋષિ
૩૬	કલારા	કચ્છમાં નથી	હિરણ્યલાભ ઋષિ
૩૭	કાળપુછા	કચ્છમાં નથી	કૌશલ્ય ઋષિ
૩૮	વગદા	કચ્છમાં નથી	યાજ્ઞવલ્ક્ય ઋષિ
૩૯	ગોદાળ	ચૌહાણ	કૌશિક ઋષિ
૪૦	શીરવી	રૂડાણી, પાચાણી, ડાયાણી, મેઘાણી, સવજીયાણી, વસ્તાણી	ચ્યવન ઋષિ
૪૧	ભક્કા (અ)	પારસીયા	કપિલ ઋષિ
	ભક્કા (બ)	કાલરીયા	પારાસર ઋષિ
૪૨	કુવીરા	કચ્છમાં નથી	કૃપાચાર્ય ઋષિ
૪૩	ઢાનટોડવા	કચ્છમાં નથી	કરણ્ય ઋષિ
૪૪	ઢાંકણીયા	કચ્છમાં નથી	જાતુકર્ણય ઋષિ
૪૫	કરણાવત	ઉકાણી, ભોજાણી, ખીમાણી, લાખાણી	મૈત્રીય ઋષિ
૪૬	ધોળુ	નરસીંગાણી	પીપલાદ ઋષિ
૪૭	દિવાણી	કાનાણી, કાનજીયાણી, ખેતાણી, નાયાણી	ગૌત્તમ ઋષિ
૪૮	દેકાળ	કચ્છમાં નથી	આદિત્ય ઋષિ
૪૯	પોકાર	બાથાણી, નરસીંગાણી, સેંઘાણી, પેથાણી, કેસરાણી, રતનાણી, લખાણી, સુરાણી, દાનાણી, ભીમાણી, ઉદેડાઈ, ઉકેડાઈ, લધાણી, ધનાણી, સાંગાણી, સામાણી, અજોરીયા, વડવાણી	અત્રિ ઋષિ
૫૦	ચોપડા	ચોપડા	ક્તુ ઋષિ
૫૧	કોદાર	કચ્છમાં નથી	મીતૃદેવ ઋષિ
૫૨	માંડવીયા	પારેખ, છાભૈયા, કેસરાણી	અંગીરા ઋષિ

કુર્મિમાંથી કડવા અને લેવાનું નામાભિધાન

આગળ આપણે જોઈ ગયા તેમ સમયને સંજોગોવસાત સ્થળાંતર કરી જુદી જુદી ભૂમિમાં સ્થિર થયેલ કુર્મિઓ પંજાબના પોતાના મૂળ વતન પંજાબના વિવિધ વિસ્તારો પરત્વે ખૂબ જ મમત્વ ધરાવતા હોવાથી પ્રદેશને છોડવા માગતા ન હતા પણ સમય સંજોગોના કારણે ના છુટકે છોડવું પડ્યું હતું. પરિણામે પોતાનું મૂળ વતન ભુલાઈ ન જાય તેમ પોતે કયા વિસ્તારમાંથી આવેલા છે. તે માટે પોતાની ટોળી માટે વિશિષ્ટ વિશેષણોનો ઉપયોગ કરવા લાગ્યા હતા. આ રીતે પંજાબમાંથી કરડ વિભાગ માંથી આવેલા કુર્મિઓ કરડવા કુર્મિ અને લેઉવા વિસ્તારમાંથી આવેલા કુર્મિઓ લેવા કુર્મિ જેવાં વિશેષણો ધારણ કર્યા. આ વિશેષણોનું અપભ્રંશ થઈ કડવા કણબી અને લેઉવા કણબી તરીકે અત્યારે પ્રચલિત બન્યા છે.

મેહત દેશના રાજા ચંદ્રસેને માળવા પાસે માધાવતી પર ચડાઈ કરી માધાવતીના કુર્મિ રાજા વૃજપાલને હરાવી રાજ્ય જીતી લીધું. આથી કુર્મિ રાજા વૃજપાલજી માલ મિલક્ત અને નાનો રસાલો લઈ માતૃ શ્રાધ્ધ અર્થે સિદ્ધપુર આવેલા. આ સમયે કુર્મિ રાજા વૃજપાલ પંજાબમાંથી સ્થળાંતર કરી અહીં વસેલા. કુર્મિ જ્ઞાતિ બંધુઓ મળ્યા અને અહીં જ રોકાઈ જવા આગ્રહ કરેલો. આ આર્નત પ્રદેશમાં કોઈનું રાજ્ય શાસન ન હોવાથી કુર્મિ રાજા વૃજપાલજી સિદ્ધપુરથી પાંચ ગાઉ દૂર વિક્રમ સંવત ૨૧૨માં ઊંઝા ગામ વસાવી ત્યાં ઉમાદેવીની સ્થાપના કરી ઈ.સ.ના સાતમા સૈકા સુધી કુર્મિ રાજાના શાસન નીચે રહ્યો હતો.

ગોત્ર પરંપરામાં...

૩૦ – કરણાવત – ઉકાણી, ભોજાણી, ખીમાણી, લાખાણી, મૈત્રી ઋષિ

૩૧ – ચોપડા – કૃતુ ઋષિ (૩૨) માંડવીયા – પારેખ, છાભૈયા, કેસરાણી

પરગોત્રમાંથી ગુજરાતમાં ૪૩ ગોત્ર આવ્યાં તેમાંથી કચ્છમાં ગોત્ર અંગીરા ઋષિ

કુલ ૩૨ ગોત્ર આવેલ છે.

બાર વર્ષે લગ્ન

ઈ.સ. ૭૪૬માં ચાવડા વંશના રાજા વનરાજ ચાવડાએ પોતાની નવી રાજગાદી માટે સરસ્વતી નદીના કિનારે અણહિલપુર પાટણ વસાવ્યું. પરિણામે પાટણની આસપાસનો વિસ્તાર સ્થાનિક રીતે પાટણના નૃપતિના શાસન નીચે આવી ગયો હતો. વનરાજ ચાવડાની સતા સ્વીકારવાને બદલે તે સમયે રાજ્ય કરતા કુર્મિરાજ વૃજપાલજી બીજા કેટલાક કુટુંબોને લઈ ઈડરની આજુબાજુના વિસ્તારમાં સ્થળાંતર કરી ગયા હતા. તેથી તે પછી પણ બીજા કુટુંબો ઈડર તરફ જવા લાગ્યા હતા.

પાટણ પરગણાની જમીન પડતર રહેવા લાગી અને પાટણના રાજ્યને મહેસુલ ઓછું પ્રાપ્ત થવા લાગ્યું, પરિણામે વનરાજના દૃષ્ટિવંત મંત્રી ચાંપરાજે એક યોજના કરી. કુર્મિઓનું સ્થળાંતર અટકાવી દેવાને કુર્મિઓના દેખાદેખી લગ્નમાં બહુ થતા ખર્ચા રોકવા યોજના કરી. માતાજીના પૂજારીને પાટણ બોલાવી શિરપાવ આપી બહુમાન કરી ઊંઝાના કુર્મિઓને સ્થળાંતર ન કરે તેમજ તેમના લગ્ન ખર્ચ ઓછા થાય તે માટે કોઈ યોજના કરવાનું જણાવેલ. તેના અનુસંધાનમાં ચૈત્ર સુદ-૧૫ના રોજ માતાજીના ઉત્સવ પ્રસંગે માતાજી સમક્ષ પૂજારી પૂર્વ યોજના મુજબ ધૂણવા લાગ્યો. પોતાનામાં માતાજીનો વાસ છે તેમ કુર્મિ આગેવાનોને જણાવીને કહેવા લાગ્યો કે અપકારી કણબીઓ હું તમારા પર કોપાયમાન થઈ છું. આમેય હું ચારેબાજુથી તમારી રક્ષા કરું છું ને તમો મને મુકી બીજે જઈ રહ્યા છો. લગ્ન જેવા ધાર્મિક કાર્યમાં મને મળતું નૈવેદ્ય પણ બંધ થયું છે. તો સુખી થવું હોય તો મારી આજ્ઞા છે મારી આ પવિત્ર અને પ્રિય ભૂમિ છોડીને કોઈપણ કારણસર ચાલ્યા જશો નહિ. અહીં જ રહોને સુખી થાવ તેમજ દરેક સિંહસ્થ વર્ષમાં બાર વર્ષે સિંહસ્થ આવે ત્યારે તમારા નાના-મોટા બધા જ બાળકોના લગ્ન મારી સાનિધ્યમાં સિંહસ્થ પછી અક્ષય તૃતીયાના કરવાં. હું ચારે બાજુ, ચારે દિશાએથી તમારું રક્ષણ કરીશ. આમ કહી દેવી સ્વરૂપ પૂજારી શાંત થયા. આ સમયે અગાઉ કરેલી યોજના મુજબ ચાંપરાજ પણ હાજર હતા. તેમણે કુર્મિ આગેવાનોને રાજ્ય તરફથી બધી જ મદદ આપવાનું વચન આપ્યું. આમ તે સમયથી કુર્મિઓમાં બાર વર્ષે લગ્નની શરૂઆત થઈ.

આમ કડવા અને લેવા ઉત્પતિથી કુર્મ વંશના છે. સાથે જ પામિર દેશથી ગુજરાત સુધી સાથે આવવા છતાં બાર વર્ષે લગ્નની પ્રક્રિયા કડવા સંજ્ઞા ધારક સમૂહે સ્વીકાર કર્યો, પણ લેવા સંજ્ઞા ધારક સમૂહના બંધુઓને પ્રતિકુલ પડવાથી બે સંજ્ઞા ધારક બંધુઓમાં બેટી વ્યવહાર બંધ થયો એટલે જુદાઈ પડી ગઈ.

નરવીર શ્રી કેશરાબાપાનું સંક્ષિપ્ત જીવન અને કાર્ય

ગુજરાતના કડવા પાટીદારોમાંથી કેટલાક ભાઈઓ કાશીની યાત્રાએ જતાં ફકીરમાં ફસાયા

ગુજરાતના કડવા પાટીદાર જ્ઞાતિના તે વખતના કેટલાક કડવા પાટીદાર ભાઈઓમાંથી કેટલાંક ગામડાંનાં અમુક કુટુંબોનાં ભાઈ-બહેનોને કાશીની યાત્રા કરવાનો વિચાર થતાં યાત્રા નિમિત્તે એક સંઘ ગુજરાતમાંથી કાશી તરફ જઈ રહ્યો હતો. તે દરમ્યાન સંવત ૧૫૯૨ (ઈ.સ. ૧૫૩૬)ના અરસામાં એક ફકીર બાવાનો અચાનક ભેટો થતાં યાત્રાળુ સંઘને પેલા ફકીર બાવાએ પુછ્યું કે, "તમો બધાં કોણ છો ? અને ક્યાં જઈ રહ્યાં છો ?" ત્યારે યાત્રાળુ સંઘમાંના કેટલાક આગેવાન ભાઈઓએ કહ્યું કે "અમે બધાં કાશીની યાત્રા કરવા જઈ રહ્યાં છીએ." ત્યારે પેલા ફકીર બાવાએ જાણ્યું કે આ ભોળા અને શ્રદ્ધાળુ લોકોને મારી સિદ્ધિ વડે કંઈક ચમત્કાર બતાવીને તેમને મોહ પમાડું તો તેઓ મારી ઈન્દ્રજાળમાં આવી જાય અને મારું કામ થાય. પેલા ફકીર બાવાએ એવો વિચાર કરીને પોતાની માયિક સિદ્ધિનો ઉપયોગ કર્યો અને યાત્રાળુ સંઘનાં ભાઇ-બહેનોને પોતાની માયિક ઈન્દ્રજાળમાં ફસાવી લીધાં અને તેઓને વરસાદ થવાનું પ્રલોભન આપ્યું. કાગને બેસવું અને ડાળને પડવું એ લોક કહેવતના આધારે એ સમયે વરસાદ થયો એટલે પેલાં ભોળા હૃદયનાં ભાઈ-બહેનોને ફકીર બાવામાં ભગવાનપણાનો ભાવ પેદા થયો. એથી એ ભાઈ-બહેનો ફકીર બાવાની ઈન્દ્રજાળમાં બરાબર ફસાઈ ગયાં અને યાત્રાએ જ ન જતાં સૌ પોતાને ઘેર પાછાં ફર્યાં.

કચ્છમાં કડવા પાટીદારોનું આગમન

ગુજરાતમાં વનરાજ ચાવડા પછી આખરી રાજપૂત રાજા કરણ ઘેલાને અલાઉદ્દીને પાટણ પર આક્રમણ કરી હરાવી મારી નાખ્યો. તેની રાણીને પોતાની બેગમ બનાવીને ગુજરાતમાં પોતાની આણ પ્રવતાવી. સિદ્ધપુરનો રૂદ્રમાળને તોડી નાખ્યો તેમજ નાના-મોટા અનેક ધર્મસ્થાનો તોડ્યાં. ખૂબ જ અત્યાચાર પ્રવતાવ્યો. તેને ઘણા બ્રાહ્મણોને વટલાવી ઈસ્લામનો સ્વીકાર કર્યો

તે બધા જ હાલે વોરા તરીકે ઓળખાય છે. અલાઉદ્દીને એક ફરમાન બહાર પાડ્યું કે જે પીર ફકીરને માનતા હો તેને ઈસ્લામ સ્વીકારવો જ રહ્યો. તેની ધાર્મિકતાની જોર જુલમથી બચવા જેમ પારસીઓ ઈસ્લામના આક્રમણથી બચવા પોતાનું મુળ વતન ઈરાન છોડી ગુજરાતમાં આવ્યા. તેમજ આપણા ઘણા કુટુંબો અત્યાચારને વશ ન થતાં તે સમયનું સ્વતંત્ર હિન્દુ રજવાડું કચ્છનું હતું તેથી ના છુટકે કચ્છમાં પ્રયાણ કર્યું. કચ્છ રાજ્યને ખેડૂતોની જરૂર હતી તેથી પ્રોત્સાહન મળવાથી ઘણા કુટુંબો ક્રમાનુસાર એકબીજાની દેખાદેખીથી કચ્છમાં આવવા લાગ્યા. પ્રથમ વેલા પટેલ અને નોકર પટેલે શિકરા ગામનું તોરણ બાંધી વસવાટ કર્યો.

લેવા સંજ્ઞા ધારક ભુજની આસપાસ વસવાટ કર્યો. હાલાર પ્રાંતમાંથી આવી બંનેને કચ્છમાં આવવાનો હેતુ જમીનમાં પેદાશનો અડધો ભાગ અલાઉદ્દીનના સુબાઓ ખળાવાડમાંથી લઈ જતા, પછી જજીયા વેરો માથાદીઠ ભરવાનો થતો હતો તેથી ના છુટકે કંટાળી કચ્છનો આશરો લેવો પડ્યો.

ગુજરાતના પ્રાચીનકાળમાં લેઉવા અને કડવા પાટીદારો સોલંકી અને વાઘેલાના રાજવંશમાં અતિ સમૃદ્ધ હતા. કહે છે કે આ પાટીદારોના ઘરમાં અનાજ ભરવાની કોઠીઓ હતી અને એ કોઠીઓમાં ધાન ઠાલવતાં પૂર્વે કોઠીઓના તળીયે સોનાની ઈંટો મુકતા અને પછી એના ઉપર ધાન મુકતા. પરંતુ સમયે પડખું ફેરવી લીધું. સુલતાન અલાઉદ્દીન ખીલજીએ ગુજરાતના લેઉઆ અને કડવા કણબીઓને ખૂબ લુટ્યા હતા અને હજારો મણ સોનું લુંટ્યું હતું તેથી કંટાળી ગુજરાત છોડવું પડ્યું.

ચાલુ પ્રસંગ પર : હવે ગુજરાતમાંથી જે કડવા પાટીદારો કચ્છમાં આવ્યા તેઓને ગુજરાત જેવી નંદનવનભૂમિ છોડીને કચ્છની કરકસ, ડુંગરાળ અને રેતાળ તથા કાંકરાવાળી ભૂમિમાં આવ્યે લગભગ અઢીસો વર્ષ જેટલો સમય થયો. તે ગાળામાં ગુજરાતના કડવા પાટીદારોએ કચ્છમાં નાના મોટા લગભગ ૮૦ થી ૮૫ જેટલા ગામડાંમાં આબાદ રીતે વસવાટ કરેલો. તે દરમિયાન કચ્છમાં કડવા પાટીદાર ભાઈ-બહેનોની લગભગ ૭૫-૮૦ હજારથી વધારે સંખ્યામાં વસ્તી હતી. કચ્છમાં કડવા પાટીદારો પોતાની ખેતીમાં જેમ જેમ પગભર થતા ગયા તેમ તેમ ગુજરાતમાંથી લાવેલા પોતાના ધર્મને પોતાની ધાર્મિક ભાવનાથી ખૂબ મહત્ત્વ આપી પોતાની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં

પોતાની સત્તા જમાવતા ગયા.

એક તો વિદ્યાના અભાવે અભણ, અને વળી પાછી રાજ્યનું દરેક રીતનું પીઠબળ હોવાથી તે વખતના શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આગેવાન ગઢેરાઓને પોતાને સતપંથી કહેવડાવવાની તમન્ના જાગી અને તે વખતના આગેવાન ગઢેરાઓએ પોતાની સત્તાનો દોર છૂટો મેલ્યો. કચ્છની તે વખતની શ્રી કડવા પાટીદાર જ્ઞાતિમાંના આગેવાન ગઢેરાઓ જે બોલે તે જ જ્ઞાતિ માટેનો કાયદો ગણાતો. પછી તે કાયદો તારણ હોય કે મારણ હોય, તેની પરવા કરાતી નહિ. અને આ બાબતે કચ્છ રાજ્ય જરા પણ હસ્તક્ષેપ કરે નહિ.

હવે કચ્છમાંના તે વખતના શ્રી કડવા પાટીદાર જ્ઞાતિના ગઢેરાઓની જુલમી સત્તાનો સૂર્ય મધ્યાહ્‌ને પ્રકાશવા લાગ્યો. જે કોઈ વ્યક્તિ પોતાના સમાજના તે વખતના ધર્મનું જરાપણ ઘસાતું બોલે તો તેવી વ્યક્તિને ખૂબ હેરાન-પરેશાન કરી તેને નાતબહાર મુકાતી અને તેને પાયમાલ કરવામાં જરાપણ પાછી પાની કરાતી નહિ. હવે તેવી જુલ્મી અને એકહથ્થુ સત્તાનો લગભગ અઢીસોથી વધુ વરસ સુધી ઉપયોગ દિનપ્રતિદિન વધવા લાગ્યો. તે અરસામાં કચ્છની શ્રી કડવા પાટીદાર જ્ઞાતિમાં અજવાળાનાં ચિહ્નો જણાવા લાગ્યાં.



ભુજમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ.ભ. કેશરા પરમેશ્વરા સંવત ૧૮૮૦માં પોતાનો ધર્માદો અર્પણ કરી રહ્યા છે.

ફોટો સૌજન્ય : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય

ધર્મમાં બિલ્કુલ શૂન્યાવકાશ આવી ગયો હતો. તે વખતની ધાર્મિક પરિસ્થિતિ કેવી હતી તો ત્રિભુવન વ્યાસના છંદ પરથી માલમ પડે છે.

ધર્મગુરૂઓ તજી ધર્મના આચરણ, પાપની વૃત્તિઓને પોષતાતા.
પ્રણત નરનારીનાં શિળ શિયળને, ભ્રષ્ટ કરી શિષ્યને શોષતાતા.
કષ્ટ બહું પામતા દૈવી જીવો આસુરોની ઉપાધી સહીને ધન્ય હો.
ધર્મધ્વજ રોપીઓ સ્વામિનારાયણે પ્રગટ થઈને.

યજ્ઞનું નામ આવે કે હિંસા સામે દેખાય. હિંસા વગર યજ્ઞો થતા નહિ. માતાજી આગળ પાડા, બકરા, કુકડાના બલિદાનો આમ વાત થઈ ગઈ હતી. ચારે બાજુ હિંસામય વાતાવરણ પ્રસરી ગયું હતું. કૌલાવર્ણ આદિક કલ્પિત મતપંથો વ્યભિચારના અડ્ડા બની ગયા હતા. છોકરીનો જન્મ થાય તો દૂધના કુંડામાં ડુબાડી મારી નાખવામાં આવતી હતી. જેને દૂધ પીતી કરવાની સામાજીક પ્રથા બની ગઈ હતી. વિધવા થતી સ્ત્રીઓની તેની ઈચ્છા ન હોવા છતાં જીવતાં સળગાવી સતી થવાના બહાને બાળી મુકવામાં આવતી હતી. આવા અનેક અત્યાચારો સામાજીક રિવાજ બની ગયા હતા. મારે તેની લાઠી હતી. રાજકીય કે સામાજીક પ્રાચીન પરંપરાઓ નાબુદ થઈ ગઈ હતી. યજ્ઞનું નામ પડે કે હિંસા, બલિદાન વગર થાય જ નહિ તેવી માન્યતાઓ થઈ ગઈ હતી.

અનેક શાસ્ત્રોના ભવિષ્ય કથન અનુસાર ભગવાન શ્રી હરિએ પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવીને પોતાના પ્રાગટ્યનું માધ્યમ બનાવી સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ ૯ની શુભ રાત્રિએ આ લોકમાં મનુષ્ય દેહ ધારણ કરી શ્રી ઘનશ્યામ નામે પ્રગટ થયા.

માતા-પિતાને દુર્વાસાના શ્રાપથી મુક્ત કરી નીલકંઠવર્ણી નામ ધારણ કરી સાત વર્ષ સુધી ભયંકર જંગલોમાં હજારો યોગીઓને દર્શનનું સુખ આપતાં તીર્થો પાવન કરતા સંવત ૧૮૫૬ના શ્રાવણ વદ ૬ના શુભ દિને લોજમાં સૌરાષ્ટ્રમાં પ્રથમ પધાર્યા. ત્યાં રામાનંદ સ્વામીનો મેળાપ થયો. તેમની હાર્દિક ઈચ્છાથી ધર્મધુરા સ્વીકારી જેતપુરમાંને રામાનંદ સ્વામી સ્વધામગમન થયા પછી ધર્મ સંસ્થાપન માટે પ્રથમ સંતો કેવા હોય તે બતાવવા સમાજમાં સમાજને જાગૃત કરવા ૫૦૦ પાંચસો જેવા સંતોને

દિક્ષા દઈ સમાજમાં મુક્યા. તમોને કોઈ મારે ગાળ દે તો તેને મારવું નહિ. સામે ગાળ ન દેવીને તેનું ભુડું થાય તેવો સંકલ્પ પણ ન કરવો. આવી આજ્ઞા સાથે અણિશુદ્ધ જીવન જીવતા સંતાને દિક્ષા દઈ સહનશીલતાની મૂર્તિ સમા સંતો તૈયાર કર્યા. તેમને ગામડે ગામડે અંધશ્રદ્ધાને વ્યસન મુક્તિ માટે ફરતા કર્યા હતા. તેમાં સ્વામી મુક્તાનંદને સ્વામી સ્વરૂપાનંદ ગામ નેત્રામાં શિવજી સુથારની કોડમાં પધાર્યા હતા. ત્યાં કેશરા મુખીને સંતોનો મેળાપ થતાં આ પૃથ્વી પર ભગવાનનું પ્રાગટ્ય થયું છે. તેવા શુભ સમાચાર સમાજમાં સર્વપ્રથમ નેત્રા ગામે મળ્યા. નેત્રા ગામ અને કેશરા મુખી સમાજનું ભાગ્ય બની રહેશે. આ છે કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજના ભૂતકાળનું દૃશ્ય.

કચ્છમાં આગમન સાથે સંખ્યા બળ સારું હતું. પરંતુ કાર્યકર્તામાં કોઈ યોગ્ય ધર્મગુરુઓની ખામી હતી. યોગ્ય માર્ગદર્શનના અભાવે કોઈ માતાજી પ્રત્યે મમતા ધરાવતા હતા, કોઈ પીર-ફકીર પ્રત્યે બાધા-માનતાવાળા હતા. વિધવિધ વિચારસરણી ધરાવતાં સમૂહો હતાં. પીર-ફકીરની બાધા-માનતામાં વિશ્વાસા ધરાવતો સમૂહ સંખ્યા બળમાં બહુમતી ધરાવતો હતો. તેનો લાભ લઈ ઈમામશાહ તરફ પ્રતીતિવાળા સમૂહે તેના પ્રચારકોને બોલાવી કાળે કરી પોતાની આવક વધારવા દશાંદ વિશાંદ તેને આપવો તેવો ઠરાવ કરવા વિ.સં. ૧૮૩૨માં નખત્રાણા ગામે સારાયે સમાજને એકત્રિત કરી યોગ્ય ગુરૂ કોઈ ન હોવાથી તેનો ગેરલાભ લેવા સામુહિક ઠરાવ પાસ કરવામાં આવ્યો. (૧) હવેથી ભાટ બ્રાહ્મણને નહિ માનવા. (૨) દશાંદ ઈમામશાહના ગાદીપતિ કાકા પ્રાગજીને આપવો. (૩) લગ્ન પ્રક્રિયા ચોરીથી બ્રાહ્મણ દ્વારા ન કરવી. (૪) મૃત્યુ પછી અગ્નિ સંસ્કાર ન કરવો. તેનો સૌથી પહેલાં વિરોધ કર્યો હોય તો નેત્રા ગામના કેશરા મુખીએ કર્યો. અને કહ્યું કે આ ઠરાવ હું માનતો નથી ને આપણા માટે પણ અનુકુળ નથી. આપણે સૌ ઋષિ બાળકો છીએ જે આપણી ગોત્ર પરંપરાથી સિદ્ધ થાય છે. અને વૈદિક વિધિથી ચાલી આવતી પરંપરાનો ત્યાગ કરવો મતલબ હિન્દુ ધર્મનો ત્યાગ કરવો એ મને મંજુર નથી. એમ કહી વીર હાક મારી પોતાનો વિરોધ દર્શાવ્યો.

તે પછી તેના મનમાં એક તો ગુજરાત છોડવું પડે તે મુંઝવણ તો હતી જ તેમાં પણ આ ઠરાવથી વૃદ્ધિ થઈ. યોગ્ય સાધુ-સંતો મળતા તો તેને

પોતાની મુંઝવણનું યોગ્ય માર્ગદર્શન મેળવવા પ્રયાસો કરતા પણ યોગ્ય માર્ગદર્શન મળી શક્યું નહિ. એટલું ચોક્કસ મનમાં જણાણું કે આ ઠરાવની ચાલબાજીમાં મારે આવવું નથી તેથી પોતાના મળતીયાને જાગૃત કરતા રહેતા હતા.

હવે કેશરા મુખીએ ધર્મ બાબતમાં સુધારા કરવા બાબતે પોતાનું ધ્યાન દોર્યું. તેમણે પોતાના સાથીદારોના સંગઠનના સંખ્યા બળે પોતાના જ્ઞાતિ બંધુઓને જુના કલ્પિત ધર્મથી મુક્ત કરવા ઝુંબેશની ઝડીયો વરસાવવા માંડી. જુના ધર્મવાળા ભાઈઓ સાવચેત રહેવા લાગ્યા છતાં જુના કલ્પિત ધર્મની વિરૂદ્ધની ઝુંબેશમાં પ્રથમ ભાગ લેનાર તેમજ કેશરા મુખીને સાથ-સહકાર આપનાર ભાઈઓના નામ નીચે પ્રમાણે છે.

૧) શ્રી ગામ નેત્રાના કેશરા મુખી સાંખલા પોતે.

૨) શ્રી ગામ નેત્રાના નાથા કરમશી સાંખલા જેઓ કેશરા મુખીના નજીકના કુટુંબી ભાઈ થતા હતા.

૩) શ્રી નેત્રા ગામના વસ્તા લખુ વાસાણી કે જેમણે પાછળથી સંવત ૧૯૦૦માં રવાપુર ગામનું તોરણ બાંધી રવાપર ગામ વસાવ્યું.

૪) શ્રી ઘડાણીવાળા નાઈઆ કરસન ઘોઘારી.

૫) શ્રી અંગીયાવાળા અબજી કરસન ભગત.

આ પાંચ પાંડવો જેવા નીડર અને ધર્મવીર આ ભાઈઓએ તે વખતે ચાલતા જુના કલ્પિત ધર્મનો મનથી સદંતર ત્યાગ કરી સાચા સદ્ગુરુના શરણે જવાનો મક્કમ નિર્ધાર કર્યો.

આ અરસામાં એક બનાવ બન્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણના આદેશથી સંતો ગામડે ગામડે વ્યશન-વહેમ-અંધશ્રદ્ધા છોડાવવાના મિશન સાથે લઈ ફરતા હતા. તેવામાં સંવત ૧૮૬૧ના ફાગણ વદ-૧૧ના દિવસે બે સંતોનું નેત્રા ગામમાં શિવજી સુતારને ત્યાં આગમન થયું. ત્યાં તે જ દિવસે બપોર પછી ૪-૦૦ વાગે શ્રી નાથા કરમશી જે કેસરા મુખીના કુટુંબી સુતારને ત્યાં ખેતીના ઓજાર ઠીક કરાવવા આવ્યા. ત્યારે સંતો, સદ્ગુરુ મુક્તાનંદ સ્વામી તેમજ સદ્ગુરુ સ્વરૂપાનંદ સ્વામી શીવજી સુતારને ત્યાં સત્સંગ કરતા હતા. ત્યાં નાથા કરમશીબાપાને શીવજી સુતારે આવકાર આપી બેસાડ્યા અને કહ્યું કાલે ઓજાર ઠીક કરી આપીશ આજે સંતો આવ્યા છે તેથી સત્સંગ કરીએ. આજે એકાદશીનો

પવિત્ર દિવસ છે તેથી આજે કામ બંધ રાખેલ છે એમ કહી ત્યાં બેસાડ્યા. શિવજી સુતારે ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકેની મુક્તાનંદ સ્વામીને ઓળખાણ કરાવી બેસાડ્યા. એક કલાકના સત્સંગથી નાથાબાપાને થયું કે કેશરાના મનની શંકા–કુશંકા દૂર કરવા અવારનવાર જેને તેને પુછે છે, પણ તેના મનનું યોગ્ય સમાધાન કરે તેવા આ સંતો છે એવું લાગ્યું. ઘરે જઈ કેશરાબાપાને વાત કરીને સાંજે સત્સંગમાં આવવા આમંત્રણ આપેલ હતું. તો બંને ભાઈ શિવજી સુતારને ઘરે રાત્રે ગયા. સત્સંગ કરતાં કરતાં કેશરાબાપાને પોતાના મુંઝવતા પ્રશ્નોનો યોગ્ય ઉકેલ મળી આવ્યો. ભગવાનનો કલિયુગમાં અવતાર ન થાય તેમ શાસ્રોના ભવિષ્ય કથન પુછતાં યોગ્ય રીતે શાસ્રોના આધારે ખુલાસા થતાં બંને ભાઈઓના મનમાં જે અશાંતિ હતી તે પરમ શાંતિ થઈ ગઈને શાસ્ત્રોક્ત રીતે યોગ્ય નિરાકરણને સમાધાન થઈ ગયુંને બંને ભાઈ કહેવા લાગ્યા હે મહાત્માઓ આપની વાત સાંભળીને અમોને પુરો સંતોષ થયો છે. હવે આપ અમને પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત બનાવો અને આપણા ગુરુના પવિત્ર દર્શન કરાવો.

કેશરા મુખીની અંતરની ઈચ્છા જાણી સંતોએ તેમને પુછયું કે હે ભક્તો હાલમાં તમારા ગુરુ કોણ છે. તમે હાલ કયા દેવની ઉપાસના કરો છો.

આ સંભાળી બંને ભાઈઓ કંઈપણ બોલ્યા નહિ. સંતોએ એમને મૌન થયેલા જોઈને ફરીથી પુછયું હે ભક્તો તમો મૌન કેમ થઈ ગયા. ત્યારે કેશરા મુખી બોલ્યા અમારા વડીલોએ ગુરુ કરવામાં ભુલ કરી હતી. એ ભુલની અમને જાણ થતાં યોગ્ય ગુરુની શોધમાં હતા. આજે તમો મળ્યા. તમારા જેવા યોગ્ય સંતોનો સમાગમ મળ્યો અને મને લાગે છે કે તમારા થકી સાચા સદ્ગુરુનાં દર્શનનો લાભ પણ અમને મળશે. હવે આપ જ અમારા ઉપદેશક ગુરુ, અને અમે આપના શિષ્યો. અમારા કોઈ ગુરુ ન હોવાથી તે ખાલી ગુરુ સ્થાનને પુરવા આપ યોગ્ય છો. આપશ્રીને કરબદ્ધ પ્રાર્થના કરીએ છીએ.

મુક્તાનંદ સ્વામીએ કહ્યું ભક્તરાજ મધ્યરાત્રીનો સમય થયો છે. કાલે આવજો. હજી પુરો વિચાર કરી લો. ઘણી વિટંબણા પડશે. એક તરફ તમારી પુરી જ્ઞાતિનો મોટો સમુદાય છે, એક તરફ તમો એકલા તો પુરતો વિચાર કરી સવારમાં આવજો. કેશરા મુખી સંતોને કહે કાલ કોને

દીઠી છે ? પુરતા વિચાર સાથે જ તમારા ખોળામાં આ માથું સમર્પિત કર્યું છે. તેને હવે પાછું ઠેલો નહિ. સાચી ભાવનાને લાગણીને માંગણી જોતાં શિવજી સુતાર પાસેથી પાણી મંગાવી સંવત ૧૮૬૧ ફાગણ વદ-૧૧ના રાત્રીના સમયે સંત મુક્તાનંદ સ્વામીના હસ્તે ભગવાન શ્રી સ્વામિનારાયણની શરણાગતિ સ્વીકારી. કચ્છ કડવા પાટીદાર સમાજમાં ધાર્મિક સૂર્યોદય કરનાર જો કોઈ હોય તો તે કેશરા મુખી અને નાથા કરમશી. મુક્તાનંદ સ્વામીના હસ્તે કંથી ધારણ કરી ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય સ્વીકારી પુરી જિંદગી ઝઝુમી અનેક વિટંબણાઓ, તાડન અને તિરસ્કાર સહન કરી કડવા પાટીદાર સમાજને ધાર્મિક શૂન્યાવકાશમાંથી બહાર કાઢી. ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંતોને શિરક્ષેત્રે મુકનાર કોઈ હોય તો નરબંકા "નરવીર કેશરા પરમેશ્વરા" ગામ નેત્રાના પુણ્ય પ્રતાપે આજે કચ્છમાં કડવા પાટીદાર સમાજમાં સર્વ પ્રથમ સત્સંગનો શુભારંભ કરાવ્યો.

કેશરા મુખી આટલેથી અટક્યા નહિ પણ ખૂબ જ ઝઝુમી સમાજમાં ધાર્મિક જાગૃતિ લાવવા ભગીરથ પ્રયાસો કરી રહ્યા હતા. પરંતુ તેમને થયું કે કોઈપણ ધાર્મિકતાનું પોષણ કરનાર હોય તો તેનું પાલન ધાર્મિક સ્થળ વગર થાય નહિ. મારા ગયા પછી પણ ધાર્મિક ચેતનામાં ખામી ન આવે એવો ભવિષ્યનો વિચાર કર્યો અને ઘણા જ મતભેદો તેમજ વિરોધના વંટોળમાં જુના સ્થાનકમાંથી અડધા ભાગે જમીન લીધીને જુના સ્થાનકની સામે વૈદિક પરંપરામાં જેને આપણે મંદિર કહીએ છીએ તેવું મંદિર કચ્છ કડવા પાટીદાર સમાજમાં સર્વપ્રથમ નેત્રા ગામમાં સંવત ૧૯૦૯ના વૈશાખ સુદ-૫ના દિવસે સનાતની વિજય ધ્વજ ફરકાવી મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા થઈ. સમસ્ત કચ્છમાં સમાજમાં સર્વપ્રથમ મંદિર થયું હોય તો નેત્રા ગામમાં કેશરા મુખીના હાથે થયું.

આ નેત્રા ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરના પાયા ખોદતાં તેમાંથી શિવલીંગ નીકળ્યું, તેની પ્રતિષ્ઠા જોગરા માતાજીની બાજુમાં પર્વત પર કરી કાયમી ધાર્મિક પરંપરાની ધજા ફરકતી કરી. તેના જ પુણ્ય પ્રતાપે અનેક ગામોમાં ભગવાન સ્વામિનારાયણના મંદિરોના નિર્માણ થયાં તે યશના ભોક્તા કોઈ હોય તો કેશરા પરમેશ્વરા જ છે.

સત્સંગ સમાજનો ઈતિહાસ

કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજના ઈતિહાસની શરૂઆત ક્યાંથી કરવી ? આ એક કઠીન કાર્ય છે પરંતુ સમાજમાં સત્સંગના પગલાં પાડનાર ‘નરવીર કેશરા પરમેશ્વરા”એ જ્યારથી સત્સંગ સ્વીકાર્યો આ માપદંડના આધારે જ ઈતિહાસનું આલેખન કરી શકાય. નરવીર કેશરા પરમેશ્વરાએ સત્સંગમાં પગલાં પાડ્યા પછી દિવસે દિવસે સત્સંગ સમાજમાં વૃદ્ધિ થઈ અને પરિણામે કચ્છ પ્રાંતમાં પણ ભગવાન સ્વામિનારાયણના મંદિરોના નિર્માણ થયાં. નેત્રા મુકામે આપણી સમાજમાં પ્રથમ સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કરવામાં કેશરાબાપાનો સિંહફાળો હતો. ત્યારબાદ સમયાંતરે સમાજ અને સત્સંગ વિસ્તરતો ગયો. કેશરાબાપાએ સોંપેલા સત્સંગના વારસાને પાછળની પેઢીમાં સાતે ગામના સત્સંગીઓએ ગમે તેવા વિષમ સંજોગોમાં પણ જતન કરીને સાચવ્યો છે. સત્સંગના સંસ્કારો સાથે આપણો સમાજ કાળાંતરે પ્રગતિ કરતો ગયો. ખેતી વ્યવસાય સાથે ધંધાના વિકાસ અર્થે પણ સત્સંગ સમાજના ભાઈઓએ કચ્છ બહાર વસવાટ કર્યો અને પ્રગતિ કરી આર્થિક રીતે ખૂબ સુખીયા થયા. કચ્છ બહાર વસવાટ કરવા છતાં પણ કચ્છ સાથેનો સંબંધ હંમેશ ટકાવી રાખ્યો, જેના પરિણામે સમાજમાં સંપ અને સંગઠન તથા સેવાના ગુણોના સમાજમાં દર્શન થતા.

હવે સંગઠીત થયેલો અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ અનેક સામાજિક તથા ધાર્મિક આયોજનો કરીને વિકાસના કાર્યો કરવા લાગ્યો. આપણે તબક્કાવાર આપણી સમાજની પ્રગતિના દર્શન કરીએ.

વિ.સં. ૨૦૩૮માં દયાપર મુકામે નવ દિવસની શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન ડભાણવાળા સુપ્રસિદ્ધ કથાકાર સંત શ્રી પુરાણી સ્વામી જગતપ્રકાશદાસજીના વકતાપદ હેઠળ કરવામાં આવ્યું. પારાયણની સમાપ્તીના દિવસે વકતા શ્રી જગતપ્રકાશદાસજી સ્વામીના સંકલ્પરૂપે આપણી સમાજે દયાપર મુકામે પ્રથમ સમૂહ લગ્નનું આયોજન કર્યું. આમ સત્સંગ સમાજે ધાર્મિક તેમજ સામાજિક કાર્યનો સમન્વય કરીને સમાજમાં દાખલો બેસાડ્યો. અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે નખત્રાણા મુકામે સમૂહ લગ્નનો ઠરાવ કર્યો હતો, પરંતુ તેઓએ સમૂહ લગ્નનું આયોજન કરે તે પહેલાં આપણી સત્સંગ સમાજે સમૂહ લગ્નનું સફળ આયોજન કરીને ઐતિહાસિક શરૂઆત કરી. જેની અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણાએ પણ નોંધ લઈ સત્સંગ સમાજના કાર્યકર્તાઓને બીરદાવ્યા હતા.

ફરી પાછા વિ.સં. ૨૦૩૮માં અખાત્રીજના રોજ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજે દયાપર મુકામે દ્વિતીય સમૂહ લગ્નનું પણ સફળતાપૂર્વક આયોજન કરી જગતપ્રકાશ સ્વામીએ ચિંધેલા માર્ગે આગળ વધ્યા.

વિ.સં. ૨૦૩૯માં નેત્રા મુકામે ફરી પાછી શ્રી રામ પારાયણનું આયોજન કરવામાં આવ્યું. જેના વક્તાપદે પુરાણી જગતપ્રકાશદાસજી સ્વામી જ હતા. આ વખતે પણ સમાજ દ્વારા તૃતીય સમૂહ લગ્નનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નરનારાયણ દેવ ગાદી પીઠાધીપતિ આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ તેજેન્દ્ર પ્રસાદજી મહારાજ પણ પધાર્યા હતા અને સમૂહ લગ્નમાં ભાગ લેનાર નવદંપતીઓને આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પણ આપ્યા હતા. આ પ્રસંગે નવદંપતીઓને આશીર્વાદ આપવા માટે કેન્દ્રિય સમાજના વડીલો તથા હોદ્દેદારો પણ પધાર્યા હતા. સાથે સાથે સ્વામિનારાયણ મંદિર ભુજ તથા અમદાવાદથી અનેક સંતો પણ પધાર્યા હતા. સત્સંગ સમાજે સમૂહ લગ્ન પરંપરા હવે ચાલુ જ રાખી અને ચતુર્થ તથા પંચમ સમૂહ લગ્ન દોલતપર મુકામે વિ.સં. ૨૦૪૦ અને વિ.સં. ૨૦૪૧માં આયોજન કરવામાં આવ્યું.

સત્સંગ સમાજે વિ.સં. ૨૦૪૨થી રવાપરને કેન્દ્રસ્થાને રાખીને છઠ્ઠા સમૂહ લગ્નથી લઈને અત્યાર સુધી દરેક સમૂહ લગ્નનું રવાપર મુકામે આયોજન કરે છે, જેમાં કેન્દ્રિય સમાજના હોદ્દેદારો તથા મહાનુભાવો તથા લાલજી મહારાજ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા સંતો-મહંતો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પધારી સમાજને તથા નવદંપનીને આશીર્વાદ આપતા જ રહે છે.

સત્સંગ સમાજે સમૂહ લગ્નની સાથે સાથે સમૂહ મૂર્તિ પ્રતિષ્ઠા આયોજન કરીને સમાજમાં દાખલો બેસાડ્યો છે. વિ.સં. ૨૦૫૦માં રવાપર, દોલતપર, આમારા આ ત્રણ ગામોની સમૂહમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ધામધૂમપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત કથા પારાયણનું આયોજન કર્યું હતું, જેમાં વક્તાપદે શા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર) તથા શા. હરિકેશવદાસજી સ્વામી વિરાજ્યા હતા અને ત્રણ દિવસના વિષ્ણુયાગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નરનારાયણ પીઠાધીપતિ આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ પણ પધારી આશીર્વચન આપ્યા હતા.

વિ.સં. ૨૦૫૧માં અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે પ્રથમ સોવેનીયર કમ ડિરેક્ટરી પ્રકાશિત કરીને ભારતભરમાં વસતાં સત્સંગ સમાજના સભ્યોને એક તાંતણે બાંધવાનો પ્રયાસ કર્યો હતો.

વિ.સં. ૨૦૫૬માં સત્સંગ સમાજે જમીન સંપાદન કરી વાત્સલ્ય મૂર્તિ, સૌના લાડીલા પુરાણી ઘનશ્યામજીવનદાસજી સ્વામીના હસ્તે સત્સંગ ભુવનના પાયાનું ખાત મુહુર્ત કરવામાં આવ્યું અને સમાજના સખી દાતાઓના આર્થિક સહયોગથી તથા સૌના સાથ અને સહકારથી જોતજોતામાં "સત્સંગ ભવન" તૈયાર થયું અને વિ.સં. ૨૦૫૯માં નરનારાયણદેવ પીઠાધીપતિ ૧૦૮ લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજના હસ્તે વાસ્તુ પૂજન તથા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે પણ કેન્દ્રિય સમાજના પ્રમુખ શ્રી ખીમજીભાઈ લખમશી તથા કેન્દ્રિય સમાજના હોદ્દેદારો પણ પધાર્યા હતા. સત્સંગ સમાજના બાળકો દ્વારા રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વિ.સં. ૨૦૩૮માં સર્વ પ્રથમ સમૂહ લગ્નના શ્રી ગણેશ કરીને અવિરતપણે સેવાયજ્ઞનું આયોજન કરનાર સત્સંગ સમાજે વિ.સં. ૨૦૬૧માં ૨૫ ગૌરવશાળી વર્ષ "રજત જયંતિ" મહોત્સવનું સુંદર આયોજન કર્યું હતું. અત્યાર સુધી સત્સંગ સમાજના માંડવે સમૂહ લગ્નમાં ભાગ લેનાર ૧૯૩૦ ભાગ્યશાળી લગ્નાર્થીઓ છે. આ સાથે (૧) બ્લડ ડોનેશન કેમ્પ (૨) મેડીકલ કેમ્પ (૩) જળ સંચય અભિયાન (૪) "નરવીર કેશરા પરમેશ્વરા"ની પ્રતિમાની સમાજવાડીના પ્રાંગણમાં સ્થાપના તથા અનાવરણ વિધિ (૫) સત્સંગ સમાજવાડીમાં ભગવાન સ્વામિનારાયણના ચરણાવિંદથી પાવન થયેલ ભૂમિમાં સ્વામિનારાયણ ભગવાનના ચરણાવિંદ પધરાવીને છતેડી બનાવી તેનું પૂજન, દ્વિતીય સોવિનીયર કમ ડીરેક્ટરીનું પ્રકાશન તથા અનેકવિધ સામાજિક તેમજ ધાર્મિક આયોજન કરીને સમાજે રજત જયંતિ મહોત્સવનું સફળ આયોજન કર્યું હતું.

વિ.સં. ૨૦૬૪ના નેત્રા મુકામે "સત્સંગ ઉદય એવમ્ સ્મૃતિ મહોત્સવ"નું પણ સાત દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. કેશરા પરમેશ્વરાએ સત્સંગમાં પગલાં પાડ્યાં અને સત્સંગ ધારણ કરી સત્સંગનો ઉદય કર્યો તેને ૨૦૦ વર્ષ થયા તે નિમિત્તે કેશરા પરમેશ્વરાના ઋણમાંથી મુક્ત થવાના પ્રયાસરૂપે આ આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે વાત્સલ્ય મૂર્તિ પુરાણી ઘનશ્યામજીવનદાસજી સ્વામીની અમીદૃષ્ટિથી આપણો સમાજ સંગઠીત તથા સુખીયો થયો હતો. આથી પુરાણી સ્વામીના ઋણનો સ્વીકાર કરી તેમના અક્ષરગમનથી શ્રદ્ધાંજલિના સુમનરૂપે તેમની સ્મૃતિમાં તથા ભુજ મંદિરના મહંત પુરાણી હરીસ્વરૂપદાસજી સ્વામીના રાજીપા માટે પણ આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં સામાજિક તથા ધાર્મિક અનેકવિધ આયોજન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગ નરનારાયણ

પિઠાધીપતી આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજે પધારી આપણા "સત્સંગ ઉદય" મહોત્સવને ચાર ચાંદ લગાવી દીધા હતા. આ મહોત્સવ દરમ્યાન ભુજ મંદિરમાં નૂતન મંદિરના નિર્માણ માટે રૂા. એકાવન લાખનું માતબર દાન આપી સત્સંગ સમાજે સંતોનો રાજીપો મેળવ્યો હતો, આ પ્રસંગે સત્સંગ સમાજ દ્વારા આયોજીત ૨૮મા સમૂહ લગ્નનું પણ આયોજન નેત્રા મુકામે કરવામાં આવ્યું હતું.

વિ.સં. ૨૦૫૭ની સાલમાં કચ્છમાં મહાવિનાશક ભૂકંપમાં સ્વામિનારાયણ મંદિર ભુજમાં ખૂબ નુકસાન થયું તેથી આ ક્ષતિગ્રસ્ત મંદિરના સ્થાનને બદલે બીજા સ્થાને નૂતન મંદિર બાંધવામાં આવ્યું. આ મંદિરના નિર્માણમાં સમાજના સૌ કોઈ નાના-મોટાએ શક્તિ મુજબ આર્થિક સહયોગ આપ્યો. મંદિર પૂર્ણ થતાં "નૂતન મંદિર મહોત્સવ" ભુજ મંદિર દ્વારા ઉજવવામાં આવ્યો હતો. આપણી સમાજને પણ મંદિર આયોજકો તરફથી ભુજ મંદિરના મહોત્સવમાં V.I.P. રસોડાની સેવા કરવાનો અવસર મળ્યો જે સેવાની સાથે સાથે આપણી સમાજ દ્વારા થતા ૩૦મા સમૂહ લગ્નનું આયોજન પણ ભુજ મુકામે કરવામાં આવ્યું હતું.

વિ.સં. ૨૦૩૮ના પ્રથમ સમૂહ લગ્નોત્સવથી શરૂઆત કરી આજ દિન સુધી સત્સંગ સમાજ અવિરતપણે સમૂહ લગ્નોત્સવનું આયોજન કરે જ છે. આ વર્ષે વિ.સં. ૨૦૭૪નું વર્ષ સમાજના ભાગ્યમાં સુવર્ણ અક્ષરે લખાય તેવો અવસર મળ્યો છે. આ વર્ષે આપણી સમાજના ભાગ્ય વિધાતા, આદ્ય સમાજ સુધારક નરવીર કેશરા પરમેશ્વરાને ૨૫૦ વર્ષ થયા તે નિમિત્તે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ "નરવીર કેશરા પરમેશ્વરા શાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવ" ઉજવવા જઈ રહી છે. આ પ્રસંગે આપણી સમાજ દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

(૧) વડીલ વિમાન તીર્થયાત્રા : આપણી સત્સંગ સમાજના સાતે ગામના ૬૫ વર્ષની ઉપરના ૧૮૨ હરિભક્તોને તા. ૨૬-૧૦-૨૦૧૭ના અમદાવાદથી વિમાન દ્વારા દિલ્હી સુધી રોમાંચિત પ્રવાસ કરવાનો અવસર મળ્યો. કેટલાય હરિભક્તો એવા હતા કે જેમને રૂબરૂ વિમાન જોવાનો પણ મોકો નહોતો મળ્યો. તેને પ્રત્યક્ષ વિમાનમાં પ્રવાસ કરવાનો લ્હાવો મળ્યો. દિલ્હીથી લકઝરી બસ દ્વારા ઋષિકેશ, હરિદ્વાર, મથુરા, વૃંદાવન, રેતી રમણ, ગોકુળ, ગોવર્ધન દર્શન કરી ત્યાંથી અયોધ્યા થઈ ભગવાનની જન્મભૂમિ છપૈયા દર્શન તથા સેવા કરવાનો અવસર મળ્યો. છપૈયાથી મખોડાઘાટ થઈને અલ્હાબાદ, ત્રિવેણી સંગમ ત્યાંથી વારાણસી થઈને ટ્રેન દ્વારા અમદાવાદ પહોંચ્યા. આ

સમગ્ર યાત્રા દરમ્યાન સંપ-સંગઠન-સેવા-સહકારના દર્શન થયા. આ સફળ વિમાન તીર્થયાત્રા પ્રવાસના જે યાત્રીઓ હતા તેમને મુક્ત મને આયોજકો તથા યજમાનશ્રીના મુક્ત મને પ્રશંસા કરી ધન્યવાદ આપ્યા.

(૨) છપૈયા મંદિર મહોત્સવ :

સ્વામિનારાયણ ભગવાનના જન્મ સ્થાને નૂતન મંદિર બન્યું તે નિમિત્તે તા. ૩૧-૧૦-૨૦૧૭ થી તા. ૪-૧૧-૨૦૧૭ દરમ્યાન નૂતન મંદિર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં આપણી સમાજને રસોડાની તેમજ ઉતારાની સેવા કરવાનો અવસર મળ્યો હતો, જેમાં આપણી સમાજના કચ્છના સાતે ગામથી તથા બહાર વસતા આશરે ૩૫૦ ભાઈઓ તથા બહેનોએ છપૈયા મુકામે હોંશભેર સેવા બજાવી. આ પ્રસંગે છપૈયા જવા-આવવાની વ્યવસ્થા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજે કરી હતી.

(૩) નરવીર કેશરા પરમેશ્વરા ક્રિકેટ કપ, ૨૦૧૮ :

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ દ્વારા તા. ૨ માર્ચથી ૪ માર્ચ, ૨૦૧૮ દરમ્યાન અમદાવાદ ખાતે શાંતિગ્રામ મેદાનમાં "નરવીર કેશરા પરમેશ્વરા ક્રિકેટ કપ, ૨૦૧૮"નું આયોજન કરવામાં આવ્યું હતં. આપણી સમાજનાં ૧૦ ઝોન માંથી ૧૦ ક્રિકેટ ટીમોએ ભાગ લીધો હતો. આ સંપૂર્ણ આયોજન સમાજના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં કચ્છથી તથા બહારથી પણ ઘણા બાઈ-ભાઈ હરિભક્તો પણ મેચ જોવા માટે આવ્યા હતા. રહેવાની, જમવાની તથા વાહનવ્યવહારની વ્યવસ્થા ખૂબ સારી રીતે પાર પાડવામાં આવી હતી. "કેશરા પરમેશ્વરા ક્રિકેટ કપ, ૨૦૧૮" ટ્રોફી માટે ફાઈનલ મેચ (૧) શ્રી હરિ ઈલેવન રાઈઝીંગ સ્ટાર - દક્ષિણ ગુજરાત ઝોન તથા (૨) સર્વોપરી ઈલેવન - વડોદરા-ભરૂચ ઝોન વચ્ચે રમાઈ હતી. તેમાં શ્રી હરિ ઈલેવન રાઈઝીન સ્ટાર - દક્ષિણ ગુજરાત ઝોને જીત મેળવી ટ્રોફીના ભાગ્યશાળી વિજેતા બન્યા હતા. જ્યારે સર્વોપરી ઈલેવનને રનર્સઅપ ટ્રોફીથી સંતોષ માનવો પડ્યો હતો. આ મેચના ઉદ્‌ઘાટન પ્રસંગે નરનારાયણ ગાદીપીઠાધીપતિ લાલજી મહારાજ શ્રી ૧૦૮ વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ પધારી આર્શીવચન આપી મેચનો પ્રારંભ કરાવ્યો હતો. સાથે સાથે જેતલપુરથી પુરૂષોત્તમપ્રકાશદાસજી સ્વામી, આત્મપ્રકાશદાસજી સ્વામી તથા ભાટ વિશ્રાંતિ ભુવનથી આનંદવલ્લભદાસજી સ્વામી તથા ભુજથી શા. દેવચરણદાસજી સ્વામી પધારી આપણા પ્રસંગને યાદગાર બનાવ્યો હતો. એકંદરે આખો પ્રસંગ જ્ઞાતિ મેળાવડા જેવો બની રહ્યો હતો.

તા. ૧૪-૪-૨૦૧૮ થી તા. ૧૮-૪-૨૦૧૮ દરમ્યાન શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ, સત્સંગ ભવન રવાપર ખાતે પણ અનેકવિધ કાર્યક્રમો તથા ૩૮મા સમૂહ લગ્નનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સાથે સાથે કેશરા બાપાના જન્મ સ્થાન નેત્રાથી ૨૫૦ યુવાનો મશાલ લઈ મોટર સાઈકલ દ્વારા મહોત્સવ સ્થળે પધારી મહોત્સવની શુભ શરૂઆત કરશે. ત્યારબાદ આ પાંચ દિવસના મહોત્સવમાં સામાજીક, ધાર્મિક તેમજ આધ્યાત્મિક ઘણા બધા આયોજનો સત્સંગ સમાજ દ્વારા કરવામાં આવ્યા છે.

આ મહોત્સવ દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો

(૧) નરવીર કેશરા પરમેશ્વરા જીવન ચરિત્ર ઉપર દસ્તાવેજી ફિલ્મ બનાવી પ્રસ્તુત કરવામાં આવશે.

(૨) સર્વરોગ નિદાન કેમ્પ

(૩) બ્લડ ડોનેશન કેમ્પ

(૪) વૃક્ષારોપણ

(૫) વિશેષ પદવીદાન સમારંભ

(૬) સાંસ્કૃતિક રાત્રી કાર્યક્રમ

(૭) પુસ્તક વિમોચન
કેશરા પરમેશ્વરા જીવન વૃત્તાંત
સમાજમાં સત્સંગના પગલાં

(૮) વડીલ વંદના કાર્યક્રમ (પૂજન-સન્માન)

(૯) દિકરી વધામણા (બેટી બચાવો-બેટી પઢાવો અભિયાન)

(૧૦) મહિલા મંચ

(૧૧) સામાજિક સભા

(૧૨) સમૂહ ચાંદલા, મામેરાં વિધિ, પછેડા વિધિ

(૧૩) ૩૮મા સમૂહ લગ્નોત્સવ

(૧૪) વિદ્વાન સંતો દ્વારા વ્યાખ્યાન માળા

આ મહોત્સવ દરમ્યાન નરનારાયણદેવ પીઠાધિપતી આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધારી મહોત્સવની શોભા વધારશે. તેમજ ભુજ, જેતલપુર, ગાંધીનગર આદિ ધામે ધામથી વિદ્વાન સંતો તથા ભુજ મંદિરથી સાંખ્યયોગી બહેનો તથા સાતેય ગામની સાંખ્યયોગી બહેનો પણ આ મહોત્સવમાં પધારશે, સાથે સાથે શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ, ઉમિયા

માતાજી સંસ્થાન વાંઢાય તથા લક્ષ્મીનારાયણ સંસ્કારધામથી સમાજના વડીલો તથા પુરૂષોત્તમભાઈ રૂપાલા (કૃષિ અને પર્યાવરણ મંત્રી ભારત સરકાર) પધારશે. આ મહોત્સવને સફળ તથા યાદગાર અને યશસ્વી બનાવવા માટે સમાજના સખી દાતાઓએ પોતાની શક્તિ પ્રમાણે ખૂબ આર્થિક સહયોગ આપ્યો છે. તેમજ સ્થાનિક તથા બહાર વસ્તા ગામે ગામના યુવાન સ્વયં સેવકોએ પોતાનું યોગદાન આપી કેશરાબાપાના ઋણમાંથી મુક્ત થવાનો પ્રયાસ કર્યો છે. આ મહોત્સવની યાદગીરી રૂપે સ્મરણિકા તથા ભારતભરમાં વસતા કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજના સભ્યોની માહિતી સભર પુસ્તિકા (ટેલીફોન, સોવિનિયર તથા વસ્તી ગણતરી)ની તૃતિય આવૃત્તિ પ્રકાશિત કરવાનું નક્કી કરેલ છે. ભગવાન સ્વામિનારાયણ તથા મુક્તરાજ નરવીર કેશરા પરમેશ્વરા આપણા સમાજ પર ખૂબ રાજી થાય અને આપણો સમાજ ઉત્તરોત્તર પ્રગતિ કરે એવા શુભ આશય સાથે સૌને જય સ્વામિનારાયણ...

આ પુસ્તકના લેખનમાં ઈતિહાસ કે પ્રસંગોમાં અથવા વાક્ય રચના તથા જોડણીમાં ભૂલ રહી જવા પામી હોય તો આપ સૌ અમોને ક્ષમ્ય ગણશો.



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ આયોજીત
૩૭મા સમૂહ લગ્નમાં ભાગ લેનાર નવદંપતિઓની સામુહિક તસ્વીર

જીવ માત્ર પર દયા કરનાર ગામ દયાપર



દયાપર ભાઈઓનું મંદિર



જીવ માત્ર પર દયા કરનાર ગામ દયાપર



દયાપર બહેનોનું મંદિર



દયાપર સત્સંગ સમાજનો ઈતિહાસ

ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લામાં લખપત તાલુકામાં આવેલ દયાપર ગામમાં આશરે ૧૩૦ વર્ષ પહેલાં જ્યારે એક ઓરડામાં સત્સંગના શ્રી ગણેશ થયા ત્યારે શરૂઆતના સત્સંગીઓમાં હરજીભાઈ પાચાભાઈ ગોગારી, ખીમજીભાઈ માવજીભાઈ નાકરાણી, નારણભાઈ શીવજીભાઈ પોકાર, લધાભાઈ પચાણભાઈ ગોગારી, મનજીભાઈ હંસરાજભાઈ પોકાર તથા દેવજીભાઈ કાનજીભાઈ ચવાણ હતા. સમયના પ્રવાહની સાથે હરિ કૃપાથી સંવત ૧૯૬૧માં મંદિરની સ્થાપના થયા બાદ સંવત ૨૦૧૩ના ચૈત્ર સુદ-૯ (રામનવમી)ના પાવન દિવસે પુરાણી સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ.ગુ. સ્વામી મોરલીમનોહરદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી નારણસેવકદાસજી, સ.ગુ. ધર્મકિશોરદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં નૂતન મંદિરમાં પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. સંવત ૨૦૩૮ના જેઠ સુદ-૫ને તા. ૩૧-૫-૧૯૮૨ના શુભ દિને બહેનોના નૂતન મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારબાદ સંવત ૨૦૬૨ના તા. ૪-૫-૨૦૦૬ના દિને બહેનોના મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠાવિધિ ભુજ મંદિરના સંતોની હાજરીમાં થઈ, જ્યારે ભાઈઓના મંદિરમાં ત્રીજીવાર પ્રતિષ્ઠા સંવત ૨૦૫૪ના વૈશાખ સુદ ૬ના દિને પ.પૂ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ સાથે થઈ. ચોથીવાર અને હાલ ભાઈઓના મંદિરમાં સંવત ૨૦૬૨માં તા. ૪-૫-૦૬ના દિને ભુજ મંદિરના સંતોની ઉપસ્થિતિમાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી. મંદિરમાં બાળમંડળ, યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. મંદિરની સ્થાપના સમયના પ્રમુખ ખીમજીભાઈ માવજીભાઈ નાકરાણી હતા. વર્તમાન પ્રમુખ તરીકે શિવજીભાઈ મુળજીભાઈ ગોગારી સેવા આપી રહ્યા છે.

વિ.સં. ૨૦૩૮ મહા મહિનામાં દયાપર મુકામે નવ દિવસની શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન ડભાણવાળા સુપ્રસિદ્ધ કથાકાર સંત શ્રી પુરાણી સ્વામી જગતપ્રકાશદાસજીના વક્તાપદ હેઠળ કરવામાં આવ્યું. પારાયણની સમાપ્તીના તા. ૮-૨-૧૯૮૨ના દિવસે વક્તા શ્રી જગતપ્રકાશદાસજી સ્વામીના સંકલ્પરૂપે અ.ભા.ક.ક. પાટીદાર સત્સંગ સમાજ દ્વારા દયાપર મુકામે પ્રથમ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું. ફરી પાછા વિ.સં. ૨૦૩૮ અખાત્રીજના દિવસે સત્સંગ સમાજ દ્વારા બીજા સમુહ લગ્નનું આયોજન દયાપર મુકામે કરવામાં આવ્યું. સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજમાં સમુહ લગ્નના આયોજનની શરૂઆત દયાપર ગામેથી થઈ તેનું દયાપર વાસીઓ ગૌરવ અનુભવે છે. દયાપર ગામના સરપંચ પદે સત્સંગ સમાજના શ્રીમતી

જયાબેન હસમુખભાઈ પોકાર તથા હસમુખભાઈ દેવજીભાઈ પોકારે સેવા આપી છે. તથા હસમુખભાઈએ લખપત તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે અને જિલ્લા પંચાયતના સદસ્ય તરીકે સેવા આપી દયાપર સત્સંગ સમાજનું ગૌરવ વધારેલ છે. તથા વાલજીભાઈ હિરજીભાઈ ચવાણ શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સમાજના મંત્રી, મહામંત્રી તથા વર્તમાનમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી સત્સંગ સમાજ દયાપરનું ગૌરવ વધારેલ છે.

દયાપર ગામના થયેલ સંતો

૧. **શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજી (વેદાંતાચાર્ય)**, ગાંધીનગર
ગુરૂ : શાસ્ત્રી સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી, અમદાવાદ.
સંત દિક્ષા : સંવત ૨૦૧૪ માગસર સુદ-૧૧, તા. ૧૭-૧૨-૧૯૫૭
પિતા : શ્રી ખીમજીભાઈ માવજીભાઈ નાકરાણી
નિવાસ સ્થાન : શ્રી સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨૩, ગાંધીનગર.

૨. **શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રિયદાસજી**
ગુરૂ : શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી, ગાંધીનગર
સંત દિક્ષા : સંવત ૨૦૩૪ અષાઢ સુદ-૧૫, તા. ૨૦-૭-૧૯૭૮
પિતા : શ્રી શામજીભાઈ દેવજીભાઈ ગોગારી
નિવાસ સ્થાન : શ્રી સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨૩, ગાંધીનગર.

૩. **શાસ્ત્રી સ્વામી શ્રી હરિજીવનદાસજી**
ગુરૂ : શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજી, ગાંધીનગર
સંત દિક્ષા : સંવત ૨૦૩૩ અષાઢ સુદ-૨, તા. ૧૮-૬-૧૯૭૭
પિતા : શ્રી શામજીભાઈ કરમશીભાઈ પોકાર
નિવાસ સ્થાન : રામપુરા (રશુલપુર), તા. મોડાસા.

૪. **શાસ્ત્રી સ્વામી શ્રી ભક્તિનંદનદાસજી**
ગુરૂ : શાસ્ત્રી સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રિયદાસજી (જેતલપુર)
સંત દિક્ષા : સંવત ૨૦૫૯ અષાઢ સુદ-૧૧, તા. ૧૮-૮-૨૦૦૨
પિતા : શ્રી નરસિંહભાઈ લાલજીભાઈ ગોગારી
નિવાસ સ્થાન : શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ.

દયાપર ગામમાં થયેલ સાંખ્યયોગી બહેનો :

૧. **અ.નિ. સાં.યોગી રામબાઈ ખીમજીભાઈ માવજીભાઈ નાકરાણી**
ગુરૂ સાંખ્યયોગી પાનબાઈ ફઈ (ગડાણી)
દિક્ષા - સંવત ૨૦૦૧ વૈશાખ સુદ ૫

૨. **સાં.યોગી માનબાઈ રામજીભાઈ લધાભાઈ ગોગારી**
ગુરૂ સાંખ્યયોગી રામબાઈ ફઈ (દયાપર)
દિક્ષા – સંવત ૨૦૨૦ કારતક સુદ ૧૧

૩. **સાં.યોગી રતનબાઈ દેવજીભાઈ હરજીભાઈ ગોગારી**
ગુરૂ સાંખ્યયોગી રામબાઈ ફઈ
દિક્ષા – સંવત ૨૦૨૫ કારતક સુદ ૧૧

૪. **સાં.યોગી શાન્તાબાઈ નારણભાઈ દેવજીભાઈ પોકાર**
ગુરૂ સાંખ્યયોગી રામબાઈ ફઈ
દિક્ષા – સંવત ૨૦૪૧ મહા વદ ૮

૫. **સાં.યોગી હંસાબાઈ હિરજીભાઈ મનજીભાઈ સાંખલા**
ગુરૂ સાંખ્યયોગી રામબાઈ ફઈ
દિક્ષા – સંવત ૨૦૪૯ કારતક સુદ ૧૧

૬. **સાં.યોગી પુષ્પાબાઈ મનસુખભાઈ સામજીભાઈ ગોગારી**
ગુરૂ સાંખ્યયોગી રામબાઈ ફઈ
દિક્ષા – સંવત ૨૦૫૯ વૈશાખ સુદ ૭

૭. **સાં.યોગી નર્મદાબાઈ ધનજીભાઈ લાલજીભાઈ ગોગારી**
ગુરૂ સાંખ્યયોગી રામબાઈ ફઈ
દિક્ષા – સંવત ૨૦૪૯ કારતક સુદ ૧૧ હાલે જેતલપુરધામ

૮. **સાં.યોગી પુષ્પાબાઈ રતનશીભાઈ કરમશીભાઈ પોકાર**
ગુરૂ સાંખ્યયોગી ત્રિવેણીબાઈ (અંજાર)
દિક્ષા – સંવત ૨૦૪૫ કારતક સુદ ૧૧ હાલે અંજાર

૯. **સાં.યોગી પનીશાબાઈ નાનજીભાઈ માવજીભાઈ પોકાર**
ગુરૂ સાંખ્યયોગી ભાનુબાઈ (વડતાલ)
દિક્ષા – સંવત ૨૦૭૩ કારતક સુદ ૧૧ હાલે નાગપુર

સંકલન કર્તા
વાલજીભાઈ હિરજીભાઈ ચવાણ
(દહાણું રોડ)

સત્સંગીઓના સંગે ડોલતું ગામ દોલતપર




દોલતપર ભાઈઓનું મંદિર



સત્સંગીઓના સંગે ડોલતું ગામ દોલતપર



દોલતપર બહેનોનું મંદિર



દોલતપર સત્સંગ સમાજનો ઈતિહાસ

આજથી ૧૧૦ થી ૧૨૫ વર્ષ પહેલાં જ્યારે સમગ્ર ભારતમાં બ્રિટીશ શાસન વિરુદ્ધ આઝાદી માટે મોટાપાયે ચળવળનું રણશીંગુ ફુંકાઈ રહ્યું હતું. આઝાદીના લડવૈયાઓ ભારતની આઝાદી માટે લોકજુવાળ જગાવી રહ્યા હતા. દેશમાં અજંપાભરી સ્થિતિ હતી. ભારતની આઝાદી માટે સૌ કોઈના મનમાં દેશ માટે મરી મીટવાની તૈયારી હતી.

તે જ અરસામાં જુના દોલતપર ગામના ગ્રામજનોના મનમાં આવી જ કોઈ અજંપાની પરિસ્થિતિ હતી. ગામની ભૌગોલિક પરિસ્થિતિ કે કોઈ અન્ય કારણ વસાત ગામના વડીલોને હવે આ ગામ છોડવાનો વિચાર આવવા લાગ્યો. જુનું ગામ છોડવું અસહ્ય લાગતું હતું.

ના છુટકે હવે દોલતપર ગામવાસીઓએ આ ગામથી હિજરત કરી કોઈ નવા સ્થળે જઈ વસવાનો નિર્ણય લઈ લીધો હતો. જુના દોલતપર ગામમાં તે વખતે લીંબાણી, ચૌધરી, ચૌહાણ, સાંખલા, ઘોઘારી પરિવારો મુખ્ય હતા.

ગામના મુખી (સરપંચ) તે વખતે ખીમજીભાઈ કાનજીભાઈ લીંબાણી હતા. તેમને ગામના દરેક સભ્યને વિશ્વાસમાં લઈ સુખ-શાંતિ અને સમૃદ્ધિની ખાતરી આપીને સ્થળાંતર કરવાનો પાકો નિર્ણય કર્યો. તે વખતે કચ્છરાજ તરફથી લેવાની થતી મંજુરી લઈ બ્રાહ્મણો દ્વારા શુભ મુહુર્ત કઢાવી વિક્રમ સંવત ૧૯૬૦ વૈશાખ સુદ-૩ (અખાત્રીજ)ના શુભ દિને નવા દોલતપર (હાલના) ગામનું તોરણ ખીમજીબાપા લીંબાણીએ પોતાના હસ્તે બાંધ્યું તે વખતે ખીમજીબાપાનું રાજાબાવા તરફથી પાઘડી બંધાવી બહુમાન કરવામાં આવ્યું હતું. ગામના શરૂઆતના સમયમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનનાર કુટુંબો રહેતા હતા. આ વડીલો ભલે ભણેલા ન હતા કે એન્જિનીયરીંગ કર્યું ન હતું પણ તેમનામાં કોઠાસૂઝ ભારે હતી. ગામના રોડ સીધા સમાંતર અને આરપાર નીકળે એવી રચના કરી હતી. ગામના મકાનો પણ હવા ઉજાસવાળા રહે તે માટે તમામ મકાન આથમણે બારણે બનાવ્યા હતા.

તેથી આ ગામ ગોકુળીયું ગામનું બિરૂદ પામેલ. એવું દોલતપર ગામ જ્યારે પ્રત્યક્ષ નિહાળીએ છીએ ત્યારે માનવું પડે કે બિરૂદ સાર્થક છે. તેથી જ પંચાયતી રાજ તરફથી દોલતપર ગામને આદર્શ ગામ તરીકે ત્રણ વખત નવાજવામાં આવેલ છે અને આદર્શ શાળા તરીકેનો એવોર્ડ ઈ.સ. ૧૯૬૨-૬૩માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી જીવરાજ મહેતાના વરદ્ હસ્તે આપવામાં આવેલ એવું દોલતપર ગામ કચ્છના પાટનગર ભૂજથી ૧૦૫ કિલો મીટરના અંતરે અને કચ્છ કુળદેવી મા આશાપુરાના ગામ માતાના મઢથી ૮ કિલો મીટરના અંતરે આવેલ છે.

ગામનું તોરણ બંધાયું તે સમય હનુમાનજી મહારાજની સ્થાપના તથા એક

રૂમમાં સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

શુભમુહુર્તમાં ગામનું તોરણ બંધાયું હોવાથી દરેકના મનમાં આનંદ હતો. સૌના ઘરમાં સમૃદ્ધિ વધવા લાગી. લોકો સંપથી રહેવા લાગ્યા. આ અરસામાં બીજા પરિવારો જેમાં પોકાર પરિવાર, વેલાણી પરિવાર, રૂડાણી પરિવાર જબુવાણી પરિવાર, સેંઘાણી પરિવાર પણ આવી વસ્યા. નવા વસનાર પરિવારોને રહેવા તથા મકાન બાંધવા વસ્તાબાપા ઘોઘારીએ પોતાના ખેતરની જમીન આપીને સહકાર આપ્યો હતો. ગામના દરેક માણસો દિલથી લખેસરી હતા, ઉદાર દિલના સહકારની ભાવનાવાળા અને લાગણીશીલ હતા જેથી નવા પરિવારો આવ્યા. તેમને જેમ દૂધમાં સાકાર ભળી જાય તેમ ગામમાં સમાવી લીધા. પોતાની ખેતીની જમીનો આપીને સહારો બન્યાના દાખલા બેસાડ્યા.

સ્વામિનારાયણ ભગવાનના મંદિરનું નિર્માણ

એક રૂમના સ્વામિનારાયણ મંદિરના બદ્લે સમયાન્તરે વિ.સં. ૧૯૯૦માં નવું મંદિર બનાવવામાં આવ્યું. આ સ્વામિનારાયણ મંદિર નાનું પડવાથી ભાઈઓ માટેનું અલગ મંદિર વિ.સં. ૨૦૦૫માં બનાવવામાં આવ્યું. તે મંદિરમાં સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી.

ત્યારબાદ ગામના સ્વામિનારાયણ સંપ્રદાયના ભાઈઓએ વિશાળ મંદિર (ભાઈઓનું) બનાવવાનો સંકલ્પ કર્યો. અને નવા મંદિરમાં વિ.સં. ૨૦૨૫ જેઠ સુદ છઠ્ઠના રોજ સ્વામિનારાયણ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. ફરીથી આ જ મંદિરમાં ભગવાનના નૂતન સિંહાસન સાથે નૂતન મર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિ.સં. ૨૦૬૧ વૈશાખ સુદ છઠ્ઠના રોજ કરવામાં આવી હતી. ત્યારબાદ ફરીથી જે બાઈઓનું મંદિર હતું તેમને પણ વિશાળ મંદિર તથા સમાજવાડી બનાવવાનું વિચારતા વિ.સં. ૨૦૫૦ કારતક સુદ ૭ના રોજ સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી.

ત્યારબાદ ગામના સ્વામિનારાયણ સંપ્રદાયના ભાઈઓએ વિશાળ મંદિર (ભાઈઓનું) બનાવવાનો સંકલ્પ કર્યો. અને નવા મંદિરમાં વિ.સં. ૨૦૨૫ જેઠ સુદ છઠના રોજ સ્વામિનારાયણ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. ફરીથી આજ મંદિરમાં ભગવાનના નૂતન સિંહાસન સાથે નૂતન મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૬૧ના વૈશાખ સુદ ૬ના રોજ કરવામાં આવી. ત્યારબાદ ફરીથી જે બાઈઓનું મંદિર હતું તેમને પણ વિશાળ મંદિર તથા ભોંયરામાં સમાજવાડી બનાવી વિ.સં. ૨૦૫૭ના કારતક સુદ-૭ના રોજ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. એકંદરે ઉત્સવ પ્રિય દોલતપર ગામના હરિભક્તો અવારનવાર નાના-મોટા પ્રસંગો- કથા પારાયણ, તુલસી વિવાહ આદી ઉત્સવોની ઉજવણી કરીને સંપ-

સહકાર–સેવાના દર્શન કરાવતા રહે છે.

નરવીર કેશરા પરમેશ્વરાના (સીધી લીટીના) વંશજ સાંખલા પરિવાર દોલતપરમાં વસવાટ કરીને ગામનું ગૌરવ વધારે છે. ભગવાન સ્વામિનારાયણ રાજીપારૂપે પોતાનું અંગરખુ નરવીર કેશરા પરમેશ્વરાને જેતલપુર મુકામે આપ્યું હતું તે અંગરખુ તેમના વંશજે ભૂજ સ્વામિનારાયણ મંદિરમાં કૃષ્ણાર્પણ કરી અક્ષર ભવનમાં પધરાવ્યું છે. જેના આજે પણ દર્શન થાય છે. આજે પણ સાંખલા પરિવાર પાસે ભગવાન સ્વામિનારાયણે સ્વહસ્તે કેશરાબાપાને સ્વહસ્તે આપેલ ખેસ તથા નંદ સંતો હસ્ત લખેલ પુસ્તક તથા સ્ફટીકમણીનો માળાનો ખરડો આજે પણ પ્રસાદીરૂપ જળવાયેલ છે. દોલતપર સત્સંગ સમાજના વર્તમાન પ્રમુખ શ્રી વાલજીભાઈ હરજીભાઈ ચવાણ સેવા આપી રહ્યા છે. સત્સંગ સમાજ દોલતપરના નરસિંહભાઈ નારણભાઈ સાંખલાએ ગુજરાત ટીમ્બર મરચન્ટ ઓફ ફેડરેશનના પ્રમુખ પદે રહી સુપ્રિમ કોર્ટ દ્વારા સૉ મીલોને લગાવવામાં આવેલ સીલોને ખોલાવી દોલતપર સત્સંગ સમાજને ગૌરવ અપાવ્યું છે તથા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજના સ્થાપક પ્રમુખ તરીકે કેશરાભાઈ લાલજીભાઈ ચવાણે સેવા આપી ગામનું ગૌરવ વધાર્યું છે.



ભગવાન સ્વામિનારાયણે પોતાના હસ્તે કેશરા પરમેશ્વરાને આપેલ પ્રસાદીભુત અંગરખું

દોલતપરની સાંખ્ય યોગી બહેનોની યાદી

ક્રમ	નામ	પિતાનું નામ
૧.	અ.નિ.સા.યો. કુંવરબાઈ ફઈ	કાનજીભાઈ કચરાભાઈ સાંખલા
૨.	સા.યો. વાલબાઈ ફઈ	જેઠાભાઈ લધાભાઈ ચૌહાણ
૩.	સા.યો. કુંવરબાઈ ફઈ	મનજીભાઈ ભીમજીભાઈ લીંબાણી
૪.	અ.નિ.સા.યો. કલાવતીબાઈ ફઈ	વાલજીભાઈ કરસનભાઈ સાંખલા
૫.	સા.યો. કમળાબાઈ ફઈ	વિશ્રામભાઈ લાલજીભાઈ ચવાણ
૬.	સા.યો. રેખાબાઈ ફઈ	કાનજીભાઈ વાલજીભાઈ લીંબાણી
૭.	સા.યો. હેમલતાબાઈ ફઈ	હરજીભાઈ વાલજીભાઈ લીંબાણી
૮.	સા.યો. કસ્તુરબાઈ ફઈ	પરષોત્તમભાઈ ખીમજીભાઈ ગોગારી

દોલતપર ગામના સંતોની યાદી

૧. વ્રજવિહારીદાસજી સ્વામી
ગુરુ દેવચરણદાસજી સ્વામી-ભુજ
(પિતા ધનજીભાઈ દેવજીભાઈ સાંખલા)

૨. શ્રુતિવલ્લભદાસજી સ્વામી
ગુરુ શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી
સ્વામિનારાયણ ગુરૂકુળ, છારોડી, અમદાવાદ.
(પિતા મોહનલાલ માવજીભાઈ ચવાણ - હાલે નાગપુર)

દોલતપર ગામના સત્સંગી ભાઈ-બહેનો જેમને ગામના સરપંચ તરીકે સેવા આપી છે.

૧. ધનજીભાઈ કરસનભાઈ સાંખલા (મુખી)
૨. પ્રેમજીભાઈ અરજણભાઈ ચવાણ
૩. ગોપાલભાઈ માવજીભાઈ ચૌધરી
૪. કાનજીભાઈ વાલજીભાઈ લીંબાણી
૫. શ્રીમતી ધનબાઈ નાનજીભાઈ ચવાણ
૬. વસંતભાઈ શામજીભાઈ ચવાણ


દોલતપર ગામનો ઈતિહાસ લખવામાં કોઈપણ ભૂલચુક રહી ગઈ હોય તો ક્ષમ્ય ગણશોજી.

સંકલન કર્તા
શાંતિલાલ ધનજીભાઈ ચવાણ
(દહાણું રોડ)

ગૌરવવંતુ ગામ ઘડાણી



ઘડાણી ભાઈઓનું મંદિર



ગૌરવવંતુ ગામ ઘડાણી



ઘડાણી બહેનોનું મંદિર



ઘડાણી સત્સંગ સમાજનો ઈતિહાસ

આજથી આશરે ૮૬૦ વર્ષ પૂર્વે ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લામાં ઘડાણી ગામની સ્થાપના થયા બાદ આશરે ૧૩૩ વર્ષ પૂર્વે સર્વપ્રથમ મંદિરની સ્થાપના કરવામાં આવી. આદ્ય સમાજ સુધારક નરવીર કેશરા પરમેશ્વરાના સાથીદાર એવા નાયાભાઈ કરસનભાઈ ગોગારીએ ગામના પ્રથમ સત્સંગી તરીકે સ્વામિનારાયણ ધર્મનો સ્વીકાર કરેલ. અહીં વર્ષો પૂર્વે ભાઈઓ અને બહેનોનાં મંદિરની સ્થાપના થયા બાદ સમય જતાં મંદિરોના જીર્ણોદ્ધાર કરી સંવત ૨૦૧૭માં સ.ગુ. સ્વામી માધવપ્રિયદાસજી તથા અન્ય સંતોની પરમ પાવન ઉપસ્થતિમાં બહેનોના મંદિરમાં બીજીવાર પ્રતિષ્ઠા ભક્તિભાવપૂર્વક કરવામાં આવી તેમજ સંવત ૨૦૨૨માં સદ્‌ગુરુ પુરાણી સ્વામી ઘનશ્યામજીવનદાસજી અને સંતોના વરદ્ હસ્તે ભાઈઓના મંદિરમાં પણ બીજીવાર પ્રતિષ્ઠા કરવામાં આવેલ. ગામ ઘડાણીમાં મુક્તરાજ અ.નિ.સાં. યોગી પાનબાઈએ ગામ અંગીયામાં જન્મ ધરી નવ (૯) વર્ષની ઉંમરે સાંખ્યયોગ ધારણ કરી પુરી આવરદા ગામ ઘડાણીમાં ભગવાન ભજી અનેક જીવાત્માઓને ભગવાન ભજાવેલ હતા. ઘડાણી ગામના કુંવરજીભાઈ કરસનભાઈ પોકાર ભુજ સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. મંદિરના સર્વપ્રથમ પ્રમુખ માવજીભાઈ હરજીભાઈ પોકાર હતા. વર્તમાન પ્રમુખ ખીમજીભાઈ માવજીભાઈ ગોગારી છે. ગામ ઘડાણી તથા હરિપરમાંથી ભગવાન પરાયણ થયેલા સંતો તથા સાંખ્યયોગી બહેનોની યાદી નીચે મુજબ છે.

	સંતો	દિક્ષા સંવત	અક્ષરવાસ	ત્યાગીનું સ્થાન
૧.	શા. સ્વામી હરિકૃષ્ણદાસજી	૨૦૧૬	૨૦૬૦	ભુજ
૨.	સ.ગુ. સ્વામી આનંદપ્રિયદાસજી	૨૦૧૬	૨૦૫૬	
૩.	સ્વામી કેશવપ્રિયદાસજી	૨૦૪૪	–	
૪.	શા.સ્વામી દેવચરણદાસજી	૨૦૪૯	–	
૫.	શા. ઉત્તમચરણદાસજી	૨૦૫૨	–	
૬.	સ્વામી સત્યજીવનદાસજી	૨૦૬૭	–	
૭.	સ્વામી દિવ્યપ્રસાદદાસજી	૨૦૭૦	–	
૮.	શા.સ્વામી દેવસ્વરૂપદાસજી	–	–	અમદાવાદ
૯.	ભગત કાનજી મેગજી ગોગારી	પાર્ષદવર્ય	–	ભુજ
૧૦.	ભગત મનજી ખેતા ભાવાણી	પાર્ષદવર્ય	–	ભુજ

૧૧. સ્વામી હરિપ્રિયદાસજી	–	–
૧૨. સ્વામી જનમંગલદાસજી	–	–


ઘડાણી ગામની સાંખ્યયોગી બહેનો યાદી :

૧. અ.નં. સાં.યોગી પાનબાઈ	પ્રેમજીભાઈ ડાયાણી
૨. અ.નિ. સાં.યોગી દેવબાઈ	માવજીભાઈ હરજીભાઈ પોકાર
૩. સાં.યોગી દેવબાઈ	ધનજીભાઈ પ્રેમજીભાઈ ગોગારી
૪. સાં.યોગી નંદુબાઈ	દેવજીભાઈ ધનજીભાઈ ભાવાણી
૫. સાં.યોગી પ્રેમબાઈ	કરસનભાઈ રત્નાભાઈ ગોગારી
૬. સાં.યોગી લીલાબાઈ	મોહનભાઈ કરસનભાઈ ગોગારી
૭. સાં.યોગી પ્રેમબાઈ	વાલજીભાઈ પ્રેમજીભાઈ પોકાર
૮. સાં.યોગી વસંતાબાઈ	દેવજીભાઈ જેઠાભાઈ પોકાર
૯. સાં.યોગી યશોદાબાઈ	પ્રવિણભાઈ દેવરાજભાઈ ગોગારી
૧૦. સાં.યોગી ચેતનાબાઈ	ગોવિંદભાઈ નાનજીભાઈ ગોગારી

સંકલન કર્તા
કેશવલાલ કરસનભાઈ ગોગારી
(અમદાવાદ)



મહિમાવંતુ ગામ આમારા




આમારા ભાઈઓનું મંદિર



મહિમાવંતુ ગામ આમારા



આમારા બહેનોનું મંદિર



આમારા સત્સંગ સમાજનો ઈતિહાસ

ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના આમારા ગામમાં અલખના આરાધકોએ આજથી વર્ષો પહેલાં એક ડેલામાં સત્સંગની શરૂઆત કરી, જેમાં શરૂઆતના સત્સંગીઓમાં જે ભાગ્યશાળી પરમ ભક્તોનું નામ અમર થઈ ગયું એવા પરમ ભક્ત નાકરાણી ખેતાબાપા, ચવાણ કરમશીબાપા, ચવાણ દેવજીબાપા, ગોગારી પચાણબાપા તથા નાકરાણી પેથાબાપા હતા. સંવત ૨૦૩૧માં બહેનો માટે એક સુંદર મંદિરની સ્થાપના કરવામાં આવી અને સંવત ૨૦૪૭માં બહેનોના મંદિરમાં પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવેલ. સંવત ૨૦૧૩માં ભાઈઓના મંદિરમાં બીજી વખત પ્રતિષ્ઠા શ્રદ્ધા ભક્તિથી કરવામાં આવેલ, જ્યારે સંવત ૨૦૩૧ના જેઠ માસના શુકલ પક્ષની સપ્તમી અને સોમવારના દિને શુભ મુહુર્તમાં ભાઈઓના મંદિરનું ત્રીજી વખત નિર્માણ કરવામાં આવેલ. અહીં બાળ મંડળ, યુવક મંડળ તથા મહિલા મંડળની રચના કરવામાં આવેલ છે, જે ધાર્મિક કાર્યોની સાથે સમાજ સેવાની વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. મંદિરની સ્થાપના સમયે નાકરાણી કાનજીબાપા પ્રમુખપદે હતા. હાલમાં નારણભાઈ નાનજીભાઈ ચવાણ પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે.

આમારા ગામના સંતોની યાદી

	નામ	ગુરૂનું નામ
૧.	સ્વામી વિશ્વવલ્લભદાસજી	સ્વામી નારાયણસેવકદાસજી
૨.	સ્વામી શાંતિપ્રિયદાસજી	સ્વામી ઘનશ્યામજીવનદાસજી
૩.	સ્વામી જગતવિહારીદાસજી	સ્વામી ઘનશ્યામજીવનદાસજી
૪.	સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી	સ્વામી શાંતિપ્રિયદાસજી
૫.	સ્વામી કૃષ્ણવલ્લભદાસજી	સ્વામી વિશ્વવલ્લભદાસજી
૬.	સ્વામી દિવ્યમુનીદાસજી	સ્વામી વિશ્વવલ્લભદાસજી
૭.	સ્વામી દેવનંદનદાસજી	સ્વામી શ્રીજીનંદનદાસજી
૮.	સ્વામી ભક્તવત્સલદાસજી	સ્વામી બાલકૃષ્ણદાસજી (છારોડી)

આમારા ગામના સાંખ્યયોગી બહેનો

	નામ	પિતાનું નામ
૧.	સાં.યો. કાન્તાબાઈ	શીવજીભાઈ દેવજીભાઈ ગોગારી
૨.	સાં.યો. પુરબાઈ	ખીમજીભાઈ ભીમજીભાઈ ચવાણ
૩.	સાં.યો. નાનબાઈ	તેજાભાઈ કાનજીભાઈ નાકરાણી
૪.	સાં.યો. કમળાબાઈ	મેઘજીભાઈ રામજીભાઈ ચવાણ
૫.	સાં.યો. પાર્વતીબાઈ	મનજીભાઈ નાનજીભાઈ ચવાણ
૬.	પાળા સ્નેહલબાઈ	કેશરાભાઈ નારણભાઈ પેથાણી (નેત્રા)

સંકલન કર્તા
નારણભાઈ નાનજીભાઈ ચવાણ
(વડુ)



પ્રભાવશાળી ગામ નાના અંગીયા



નાના અંગીયા ભાઈઓ તથા બહેનોનું મંદિર (નિર્માણાધીન)



નાના અંગીયા સત્સંગ સમાજનો ઈતિહાસ

નાના અંગીયા ગામના સત્સંગના ઈતિહાસની શરૂઆત કરીશું કચ્છ કડવા પાટીદાર સમાજના આદ્ય સમાજ સુધારક નરવીર કેશરા પરમેશ્વરાની સાથે રહેલા તેમના સાથીદાર અબજી કરસન ભગત જેમણે સંવત ૧૮૬૧ના સત્સંગ સ્વીકારી સનાતન ધર્મના રંગે રંગાણા, શરૂઆતના સમયમાં જેઠાભાઈ મેઘજીભાઈ ડાયાણી અને જેઠાભાઈ નાથાભાઈ વાઘાણી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ હતા. નાના અંગીયા ગામની વાત કરીએ તો ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકામાં આવેલ નાના અંગીયા ગામની ઈ.સ. ૧૭૬૮માં સ્થાપના થયા બાદ આશરે ૧૧૦ વર્ષો પહેલા મંદિર માટે જાગીર પાસેથી જમીન વેચાણ લઈ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાની સાથે સત્સંગના શ્રી ગણેશ થયા. ભગવાન સ્વામિનારાયણની કૃપાથી તથા સંતોના આશીર્વાદથી તથા સત્સંગીઓના સત્સંગના પ્રભાવથી સંવત ૧૯૭૪ના આસો માસના શુકલ પક્ષની દશમના શુભ દિને દિવ્ય મુહુર્તમાં સ.ગુ.અ.નિ. નીલકંઠદાસજી સ્વામી તથા સંત મંડળની પાવન ઉપસ્થિતિમાં મંદિરની સ્થાપના થયા બાદ સંવત ૧૯૭૪ના આસો સુદ દશમના સાથે સાથે બહેનોના મંદિરની પણ સ્થાપના થઈ. (સંવત ૨૦૩૮ના મહાસુદ ૧૩ અને તા. ૮-૨-૧૯૮૨) સોમવારના ભાઈઓના મંદિરની બીજીવાર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. મંદિરની સ્થાપના સમયના પ્રમુખ પ.ભ. હરજીભાઈ ખેતાભાઈ ભગત હતા. જ્યારે વર્તમાન પ્રમુખ તરીકે કેશવલાલ વાલજીભાઈ ભગત સેવા આપે છે. અહીં મંદિરમાં બાલ મંડળ, યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. ગામમાંથી સંતો તથા સાંખ્યયોગી બહેનોની યાદી નીચે મુજબ છે.

સંતોનું નામ

(૧) શા. સ્વામી સંતસ્વરૂપદાસજી – ભીલાડ
પિતા : શ્રી મનજીભાઈ શિવજીભાઈ વાઘાણી
ગુરૂ અ.નિ. સ્વામી ઉત્તમપ્રિયદાસજી

(૨) અ.નિ. નારાણભાઈ જેઠાભાઈ ડાયાણી – પાર્ષદ

સાંખ્યયોગી બહેનો

(૧) અ.નિ. સાં.યો. પાનબાઈ પ્રેમજીભાઈ ડાયાણી
ગુરૂ અ.નિ. સાં.યો. કુંવરબાઈ ફઈ

(૨) સાં.યો. કુંવરબાઈ પુંજાભાઈ ડાયાણી

સંકલન કર્તા
નરનારાયણ યુવક મંડળ
(નાના અંગીયા)

નંદનવનસમું ગામ નેત્રા



નેત્રા ભાઈઓનું મંદિર



નંદનવનસમું ગામ નેત્રા



નેત્રા બહેનોનું મંદિર



નેત્રા સત્સંગ સમાજનો ઈતિહાસ

"નેત્રા ગામ" મા જોગમૈયાનું ગામ, નરવીર શ્રી 'કેશરા પરમેશ્વરા"નું ગામ, સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિમાં સર્વ પ્રથમ સનાતન શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય ગ્રહણ કરનાર ગામ. જેના પ્રણેતા નરવીર શ્રી કેશરા પરમેશ્વરા કે જેમણે સંવત ૧૮૨૪ ચૈત્ર સુદી પૂનમના આ નેત્રા ગામે જન્મ ધારણ કર્યો. સમય જતાં સંવત ૧૮૩૨ના કલ્પિત ધર્મના રીતિ-રિવાજોને અમલમાં મુકતા ઠરાવનો બહિષ્કાર કર્યો અને સંવત ૧૮૬૧ ફાગણ વદ-૧૧ના નેત્રા ગામે જ મુક્તાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામીના હસ્તે કંઠી ધારણ કરીને સ્વામિનારાયણ સનાતન ધર્મનો સ્વીકાર કરી કેશરાબાપાએ સંતોને વિનંતી કરી કે હવે અમારા નિવાસ સ્થાને મંદિરની સ્થાપના કરી ભગવાનની પટમૂર્તિ પધરાવીને પ્રતિષ્ઠા આરતી તથા ભોગ ધરાવી ઠાકોરજીને જમાડીને પછી વિદાય થાઓ. આ પ્રમાણે નેત્રા મુકામે ઘર મંદિરની શરૂઆત થઈ. જેમાં નેત્રા ગામના કેશરા મુખી અને તેમના સાથીદારો પ્રભુ આરાધના કરતા હતા.

સમય જતાં ભુજના મહારાવશ્રીની મધ્યસ્થિતિથી જુના ધર્મો વાળા પાસેથી અડધી જમીન તથા અડધો ભાગ લઈને કેશરાબાપાએ નેત્રા ગામે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું સર્વ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર સંવત ૧૯૦૯ના વૈશાખ સુદ પાંચમના શ્રી કેશરા મુખીના હસ્તે તૈયાર કરીને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. આ મંદિરના પાયાનું ખોદકામ કરતાં ચમત્કારી રૂપે પાયામાંથી શિવલીંગ પ્રગટ થયું, જેની સ્થાપના જોગમૈયા માતાજીના મંદિરમાં કરવામાં આવી. કેશરાબાપાએ નિર્માણ કરેલ મંદિરનો જીર્ણોદ્ધાર સંવત ૧૯૯૩માં ભુજના સદ્‌ગુરુ સ્વામી મોરલીમનોહરદાસજી તથા પ.પૂ. માધવપ્રિયદાસજીના હસ્તે કરવામાં આવ્યો. સંવત ૨૦૨૧ના વાત્સલ્યમૂર્તિ પુરાણી ઘનશ્યામજીવનદાસજીના હસ્તે બહેનોનું શ્રી સ્વામિનારાયણ મંદિર કે જે પહેલા નાનુ હતું, તે આજુબાજુની જમીન સંપાદિત કરીને પહેલા કરતા મોટું મંદિર કરીને તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો.

ઐતિહાસિક સ્થળ શિવજી સુથારની કોડ (નિષ્કુળાનંદ સ્વામી કૃત ભક્ત ચિંતામણી પ્ર. ૧૧૬) અને એ કોડમાં ઉભેલ પીપળો કે જે હાલ પણ વિદ્યમાન છે, જે પીપળા નીચે કેશરાબાપાએ સંતોના હસ્તે દિક્ષા લીધી હતી, તે પીપળાના પાંદડે-પાંદડે દીવાનો પ્રકાશ અને બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજની શ્વેત વસ્ત્રધારી મૂર્તિનાં દર્શન નેત્રા ગામના સ્વામિનારાયણ સંપ્રદાયના ગોર બ્રાહ્મણ હીરાલાલ વિશ્વનાથના માતૃશ્રીને અનેક વખત થયાં હતાં. તેવો આ સ્થળ અને પીપળાનો પ્રતાપ છે.

આ નેત્રા ગામમાં સ્વયં શ્રીજી મહારાજ પધારેલા છે. આ ગામમાં સંતો સાથે પધારીને ભક્તોની સભા કરીને ધ્યાનમાં બેસાડીને અક્ષરધામનાં દર્શન કરાવ્યાં

હતાં. સાથે જ નેત્રા પરગણાં વિસ્તારમાં રસલીયા–કાદિયા વચ્ચેની નદી કિનારે શ્રીજી મહારાજે સંતો–ભક્તોને પાણકડાની ભાજી જમાડી હતી. તે પ્રસાદી સ્થળે ભૂજના સંતોએ ચરણાવિંદ પધરાવેલ છે. (ભુમાનંદ સ્વામી કૃત ઘનશ્યામ લીલામૃત ઊત્તરાર્ધ)

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ દ્વારા સંવત ૨૦૩૯ ચૈત્ર માસે તા. ૧૯–૪–૧૯૮૩ થી તા. ૨૭–૪–૧૯૮૩ દરમ્યાન નેત્રા ગામની ચારેય પાટીદાર સમાજ, ભુજ તથા અમદાવાદના સંતો તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના સાનિધ્યમાં પુરાણી સ્વામી જગતપ્રકાશદાસજી સ્વામીના વક્તા પદે રામ પારાયણ તથા વિષ્ણુયાગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. તે પ્રસંગે કેશરાબાપાએ સનાતન ધર્મ સ્વીકાર્યો તે સ્થાને શ્રી હરિના ચરણાવિંદ પધરાવીને અમદાવાદના શાસ્ત્રી સ્વામી નરનારાયણદાસજીના ગુરૂ કૃષ્ણકેશવદાસજીના હસ્તે આરતી ઉતારીને આ પવિત્ર ઐતિહાસિક સ્થળને ખુલ્લું મુકવામાં આવ્યું. સમાજ દ્વારા બીજો ભવ્ય પ્રસંગ નેત્રાની ચારેય સમાજના સહયોગથી "દ્વિશતાબ્દી સત્સંગ ઉદય સ્મૃતિ મહોત્સવ" રૂપે નેત્રા ગામમાં ભુજ શ્રી નરનારાયણ દેવ નૂતન મંદિરના ઉપલક્ષમાં તા. ૮–૫–૨૦૦૮ થી ૧૪–૫–૨૦૦૮ દરમ્યાન ઉજવવામાં આવ્યો, જેમાં વિષ્ણુયાગ, નેત્રા–રવાપર સંયુક્ત સમૂહ લગ્ન સમારોહ, કેન્દ્રિય સમાજ, સમસ્ત નેત્રા ગામ, આજુબાજુ ગામના પાટીદારો, રાજકીય–ધાર્મિક મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો. આ પ્રસંગે કેશરાબાપાનું શિવજી સુથારની કોડે જે દિક્ષા સ્મૃતિ સ્થળ હતું, તેનો જીર્ણોદ્ધાર કરીને કેશરાબાપાની પ્રતિમા તથા શ્રી હરિના ચરણાવિંદ પધરાવીને ભુજ મંદિરના મહંત સ્વામીશ્રી ધર્મનંદનદાસજી, અમદાવાદ દેશના આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા અમદાવાદ મંદિરના મહંતશ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી સ્વામી તેમજ અનેક સંતો–ભક્તોની ઉપસ્થિતિમાં આરતી–પૂજન કરીને સ્મૃતિ સ્થળને પુનઃ ખુલ્લુ મુકવામાં આવ્યું.

નેત્રા ગામે સાંખ્યોગી બહેનો અને સંતોની આ સંપ્રદાયને ભેટ આપી છે. ઘડાણીમાં ગુરૂ કુંવરબેન સાથે રહેતાં પરમ મુક્તરાજ સાં.યો.અ.નિ. પાનબાઈનો જન્મ પિતા પ્રેમજી હિરજી ડાયાણી માતા નાનબાઈની કુંખે નેત્રા ગામે જ થયો હતો. નેત્રામાં જ ૯ વર્ષની બાલ્યાવસ્થાએ વૈરાગ્ય લાગ્યો હતો. નેત્રાના પ.ભ. હિરજી મુળજી સાંખલાના દિકરી ભચીબાઈ પણ ગુરૂ પાનબાઈના શિષ્યા થઈને હાલ જેતલપુરમાં સેવામાં છે. નાકરાણી પરિવારના મનજીભાઈ જેઠાભાઈને વૈરાગ્ય ઉત્પન્ન થતાં આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજના હસ્તે સંત દિક્ષા લઈને મોરલી મનોહરદાસજી નામ ધારણ કર્યું અને જેતલપુર નરનારાયણ શાસ્ત્રીના મંડળમાં

રહીને ભજન સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા. આજ મંડળમાં બીજા સંત શ્રી કે જે પૂર્વાશ્રમમાં ખેતા જેઠા સાંખલાના પુત્ર વિશ્રામભાઈ નામે હતા, જેમણે દિક્ષા ગ્રહણ કરીને શાસ્ત્રી ઉત્તમચરણદાસજી નામ ધારણ કર્યું. જેઓ વિદ્વાન છે. તેમણે અનેક ગ્રંથોનો સંસ્કૃતમાંથી ગુજરાતીમાં અનુવાદ કરીને સત્સંગની સારી સેવા કરી રહ્યા છે. મુકસેવક સંત હાલ મહેસાણા મંદિર કોઠારી પદે વિદ્યમાન છે. ત્રીજા સંત જેમણે પેથાણી પરિવારમાં જન્મ ધારણ કરીને તેમણે પણ આજ મંડળમાં દિક્ષા લઈને શ્યામચરણદાસજી નામ ધારણ કરીને હાલ જેતલપુર મંદિરે સેવા આપી રહ્યા છે. ચોથા સંત કાનજીભાઈ જેઠાભાઈ નાકરાણી પરિવારનું સંતાન એવા ભાણજીભાઈએ આજ મંડળમાં સંત દિક્ષા ગ્રહણ કરીને સ્વામીશ્રી ભક્તિવલ્લભદાસજી નામ ધારણ કરીને જેતલપુર મંદિરમાં સેવા આપી રહ્યા છે.

આમ સ્વામિનારાયણ સંપ્રદાયનું ઉદ્‌ગમ સ્થાન, અનેક ઐતિહાસિક ઘટનાઓનું સાક્ષી, અનેક સંતો-ભક્તોનું જન્મસ્થાન એવા નેત્રા ગામમાં અદ્‌ભુત ત્રણ બાબતોનો સંગમ જોવા મળે છે. (પ્રથમ) જેને સ્વયં શ્રીજી મહારાજે પધારીને પોતાના ચરણોથી પાવન કર્યું છે. (દ્વિતીય) કેશરાબાપાના માધ્યમથી સમગ્ર કડવા પાટીદાર સમાજ માટે સનાતન ધર્મનું ઉદ્‌ગમસ્થાન છે. (તૃતીય) જ્યાં જોગમૈયા માતાજીના અખંડ બેસણાં છે. આમ પરમ-પવિત્ર આ ત્રિવેણી સંગમના પ્રભાવની આભા સમગ્ર નેત્રા ગામ પર એવી છે કે કહેવાય છે કે નેત્રા ગામનો કોઈ પણ પરિવાર ભલે ગામ છોડીને ભારતના ગમે તે ખૂણે વસેલો હોય પણ અન્ન-વસ્ત્રે કરીને કયારેય દુઃખી જોવા નહીં મળે. પુણ્યભૂમિના આશીર્વાદ ત્યાં જન્મ લેનાર નિવાસીને હરહંમેશ ફળતાં રહે છે, તે જ આ પુણ્ય ભૂમિ નેત્રાનો પ્રતાપ છે. વર્તમાન સત્સંગ સમાજ નેત્રા ગામના પ્રમુખ તરીકે શ્રી નારણભાઈ વાલજીભાઈ સાંખલા સેવા આપી રહ્યા છે. તથા ભુજ સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટી તરીકે શ્રી ગોપાલભાઈ માવજીભાઈ સાંખલાએ સેવા આપી સત્સંગ સમાજ નેત્રાનું ગૌરવ વધારેલ છે.

સંકલન કર્તા
નારણભાઈ વાલજીભાઈ સાંખલા
(નડીયાદ)



રળીયામણું ગામ રવાપર




રવાપર ભાઈઓનું મંદિર



રળીયામણું ગામ રવાપર



રવાપર બહેનોનું મંદિર



રવાપર સત્સંગ સમાજનો ઈતિહાસ

ભારત વર્ષમાં ગરવી ગુજરાતની ધીંગી ધરામાં ખડતલ ભૂમિ એવી પશ્ચિમ કચ્છમાં છેવાડે આવેલ રમણીય રવાપર ગામનો ઈતિહાસ પ્રેરણાદાયી તેમજ ગૌરવવંતો છે.

આમ તો ઈતિહાસ વાગોળવું સામાન્ય રીતે અર્થહીન માનીએ છીએ. પરંતુ ભારતીય સંસ્કૃતિના જતન માટે તેમજ સ્વામી વિવેકાનંદના મત મુજબ જે પેઢી પોતાના પૂર્વજોના ઈતિહાસને નથી જાણતી તેની અવશ્ય મોડી વહેલી અધોગતિ થાય છે, એટલે કે ગૌરવહિણી બની જાય છે. ઈતિહાસ વાંચવો જેટલો અઘરો હોય છે તેથી વિશેષ ઈતિહાસના સર્જનમાં વડીલોનું યોગદાન, ત્યાગ, સમર્પણ, શુરવીરતા વિગેરે તરી આવે છે, જે આપણને પ્રેરણા–જોમ–જુસ્સો આપે છે. એટલે ઈતિહાસના માધ્યમથી આવો આપણે કર્તવ્યપણાની પ્રેરણા મેળવીએ...

ઈતિહાસની શરૂઆત કરીશું, આપણા સૌના આદર્શરૂપ આદ્યસમાજ સુધારક કેશરા પરમેશ્વરાની સાથે રહેલા એમના બનેવી એવા વસ્તા લખુ વાસાણી સંવત ૧૮૬૧થી સનાતની ધર્મને રંગે રંગાયાને સ્વામિનારાયણ ધર્મનો સ્વીકાર કર્યો ત્યારથી તેમનું ઓજસ અને ધર્મનો પ્રકાશ રવાપર પ્રાંતમાં ચાલુ થયો. વસ્તાબાપાના સાથીદારો એવા ભક્તરાજ હમીરસિંહ દરબાર અને પ.ભ. હંસરાજ શેઠ અને અબજી કરસન ભગત જેવા નિર્માની અને શુરવીર ભક્તોની પ્રાર્થનાથી સંવત ૧૮૬૬ની સાલમાં પાંચ પરા (રવાગઢ, રૂદ્રપુર, છપરાવાડી, જેતરાણ અને કાસેઘર) પૈકીના રવાગઢ તથા રૂદ્રપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં પધારી ભૂમિને પાવન કરેલ છે, જે હાલમાં રવાપર ગામની ભૂમિમાં સત્સંગ સમાજે બનાવેલ સત્સંગ ભવન વાડી ખાતે પ્રસાદીરૂપે ચરણાર્વિંદ પધરાવેલ છતેડીના આજે પણ દર્શન થાય છે.

જેની નોંધ (સંદર્ભ) :

(૧) ભૂજ મંદિરના સદ્‌ગુરુ સ્વામી શ્રીનંદકિશોરદાસજીએ વડીલોને રૂબરૂ જણાવેલ.

(૨) સદ્‌ગુરૂ શ્રી ભુમાનંદ સ્વામીકૃત લીલામૃત સાગર સંવત ૧૮૬૬ની લીલા પાના નં. ૬૨

(૩) સત્સંગી ભૂષણ અંશ–૨ લેખક : શા.સ્વામી શ્રી હરિકેશવદાસજી, ગાંધીનગર

(૪) ઘનશ્યામ લીલામૃત પા.નં. ૫૨૫ તરંગ ૯૧

વસ્તાબાપાએ તેમના સાથીદારોની સાથે મળીને સંવત ૧૮૬૭માં અગાઉ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં આપેલ પ્રસાદીરૂપી નરનારાયણ દેવની મૂર્તિને ઘરમાં પધરાવી ઘર મંદિરની શરૂઆત કરેલ.

ત્યારબાદ સમય જતાં વસ્તાબાપાની સાથે અલગ અલગ પાંચ પરામાં રહેતી વસ્તીને સારી વ્યવસ્થા અને સુરક્ષા એક જ છત્ર હેઠળ મળે એવા હેતુથી તે સમયે સૌ વડીલોએ સાથે મળીને પાંચેય પરાંને સંગઠિત કરી એક જ ગામના નામથી ઓળખાય એ માટે પરાંના મુખ્ય મથક એવા રવાગઢને રવાપર નામ આપી સંવત ૧૯૦૦ની સાલમાં પાંચેય પરાંના રહેવાસીઓની હાજરીમાં ગામના મુખીયા એવા વસ્તાબાપાએ 'રવાપર' ગામનું તોરણ બાંધી ઉગમણા હનુમાનજીની સ્થાપના કરી એક્તાનાં દર્શન કરાવ્યાં.

ત્યારબાદ સંવત ૧૯૦૦ની સાલમાં રવાપરનું તોરણ બંધાયા બાદ સમયાંતરે જરૂરીયાત મુજબ સંવત ૧૯૨૧માં નવ્ય ભવ્ય મંદિર બનાવી ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામીના હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. સંતોની કૃપાથી દિવસે દિવસે સત્સંગનો વિકાસ થવાથી સમયની સાથે જરૂરિયાત પ્રમાણે સંવત ૧૯૪૩, ૧૯૬૨, ૧૯૯૦માં બહેનોના તેમજ ભાઈઓના નૂતન ભવ્ય મંદિરો બનાવવામાં આવ્યા, જેમાં ભુજ મંદિરના મહંત સ્વામીશ્રી (૧) અચ્યુતદાસજી સ્વામી (૨) અક્ષરજીવનદાસજી સ્વામી (૩) મહાપુરુષદાસજી સ્વામી (૪) શા. ધર્મજીવનદાસજી સ્વામી આદી મહંતશ્રીઓના હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. છેલ્લે ભુજ મંદિરના સદ્‌ગુરૂ સ્વામીશ્રી મોરલીમનોહરદાસજી, મહંતશ્રી હરિસ્વરૂપદાસજી વાત્સલ્ય મૂર્તિ પુરાણી શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી તેમજ સ.ગુ. સ્વામીશ્રી પ્રેમપ્રકાશદાસજી તેમજ મહંત શ્રી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી બહેનોનું તથા ભાઈઓનું મંદિર સંવત ૨૦૩૮ અને સંવત ૨૦૫૦માં મેઈન રોડ ઉપર નવ્ય ભવ્ય બનાવેલું છે. સંતોની કૃપાથી ભાઈઓમાં તેમજ બહેનોમાં ખૂબ જ સત્સંગનો સમાસ થઈ રહ્યો છે. રવાપર માટે ગૌરવની વાત એ છે કે પશ્ચિમ કચ્છના દયાપર, દોલતપર, નેત્રા, ઘડાણી, આમારા, નાના અંગીયા આદિ કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજના ગામોનું કેન્દ્રિય સ્થાન રવાપર છે. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજની "સત્સંગ ભવન" સમાજવાડી અહીં આવેલ છે, જેમાં સમાજ ઉત્કર્ષ તેમજ સત્સંગ ઉત્કર્ષના અનેકવિધ કાર્યક્રમો થાય છે. વળી "નરવીર કેશરા પરમેશ્વરા શાર્ધ દ્વિશતાબ્દી મહોત્સવ" રવાપર ગામે જ ઉજવાઈ રહ્યો છે, જે રવાપર વાસીઓ માટે ગૌરવની સાથે આનંદની વાત છે.

રવાપર ગામમાંથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી ૧૧ સંતો ભગવત દિક્ષા લઈ સંત બન્યા છે.

સંતોના નામ	પિતાશ્રીનું નામ
૧) ખેતશીભાઈ લધાભાઈ ભગત (આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી તથા તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની સેવા કરેલ છે)	લધાભાઈ મનજીભાઈ ભગત
૨) પૂ. સ્વામી શ્યામચરણદાસજી	હરજીભાઈ કચરાભાઈ ભગત
૩) પૂ. શા. સ્વામી નરનારાયણદાસજી ગુરૂ : પૂ. સ્વામી કૃષ્ણકેશવદાસજી	કરસનભાઈ ધનજીભાઈ ભગત
૪) પૂ. સ્વામી દેવપ્રસાદદાસજી ગુરૂ : પૂ. સ્વામી ધર્મકિશોરપ્રસાદજી	બાબુલાલ શીવજીભાઈ વાસાણી
૫) પૂ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી ગુરૂ : પૂ.શા. સ્વામી નરનારાયણદાસજી	કેશરાભાઈ કરસનભાઈ ભગત
૬) પૂ. સ્વામી સત્સંગીજીવનદાસ ગુરૂ : પૂ. સ્વામી મુરલી મનોહરદાસજી	કાનજીભાઈ મનજીભાઈ ગોગારી
૭) પૂ. સ્વામી જયકૃષ્ણદાસજી ગુરૂ : પૂ. સ્વામી મુકુન્દપ્રસાદદાસજી	ખીમજીભાઈ હરજીભાઈ વાસાણી
૮) પૂ. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી ગુરૂ : પૂ. સ્વામી પુરષોત્તમપ્રકાશદાસજી	વિશ્રામભાઈ શીવદાસ વાસાણી
૯) પૂ. શા. સ્વામી હરીપ્રસાદદાસજી ગુરૂ : પૂ. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી	ભીમજીભાઈ રતનશીભાઈ વાસાણી
૧૦) પૂ. સ્વામી શ્રીજીસ્વરૂપદાસજી ગુરૂ : પૂ. સ્વામી માધવપ્રસાદદાસજી	નાનજીભાઈ પ્રેમજીભાઈ ભગત
૧૧) પૂ. સ્વામી શ્રીરંગદાસજી ગુરૂ : પૂ. સ્વામી મુકુન્દપ્રસાદદાસજી	રામજીભાઈ દેવશીભાઈ સાંખલા

સાંખ્યયોગી બહેનો

બહેનોના નામ	પિતાશ્રીનું નામ
૧) સાં.યો. ગંગાબાઈ	પ્રેમજીભાઈ ધનજીભાઈ ભગત
૨) સાં.યો. ડાહીબાઈ	મેગજીભાઈ ધનજીભાઈ ભગત
૩) સાં.યો. રાજબાઈ	રતનશીભાઈ હરજીભાઈ વાસાણી
૪) સાં.યો. જયાબાઈ	લાલજીભાઈ હરજીભાઈ વાસાણી
૫) સાં.યો. વાલબાઈ	ભાણજીભાઈ નથુભાઈ વાસાણી
૬) સાં.યો. વિમળાબાઈ	વિશ્રામભાઈ કરસનભાઈ ભગત
૭) સાં.યો. હંસાબાઈ	નારણભાઈ કરમશીભાઈ ચૌધરી

૮)	સાં.યો. અનુબાઇ	ભવનભાઇ પરષોત્તમભાઇ સાંખલા
૯)	સાં.યો. જીજ્ઞાબાઇ	નરસિંહભાઇ લાલજીભાઇ વાસાણી
૧૦)	સાં.યો. તેજસ્વીબાઇ	લાલજીભાઇ કેશરાભાઇ વાસાણી
૧૧)	સાં.યો. ચંદનબાઇ	ભરતભાઇ રામજીભાઇ ગોગારી

ત્યાગી ભક્તોની સાથે સંતોના કૃપાપાત્ર અને ભગવાન સ્વામિનારાયણના અનેક ભક્તો થઇ ગયા છે અને અનેક ભક્તોને ભગવાન સ્વામિનારાયણે પરચા પુર્યા છે. નરવીર કેશરા પરમેશ્વરાના ઈતિહાસને ઉજાગર કરી એમના જીવન ચરિત્ર લેખન કર્તા ગોપાલજી સોમજી ભગત હતા. જેઓ પણ રવાપરના છે.

બન્ને મંદિરોમાં યુવક મંડળ, બાલ મંડળ તથા મહિલા મંડળ દ્વારા વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ સતત ચાલુ જ રહે છે. મંદિરની સ્થાપના સમયે પ્રમુખ વસ્તાભાઇ લખુભાઇ વાસાણી હતા. જ્યારે વર્તમાન પ્રમુખ તરીકે શ્રી લાલજીભાઇ રતનશીભાઇ સાંખલા સેવા આપી રહ્યા છે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજના વર્તમાન પ્રમુખ શ્રી ધરમશીભાઇ શામજીભાઇ ભગત (મુંબઇ) તથા મહામંત્રી શ્રી હરિભાઇ કેશરાભાઇ ભગત (મોરબી) તેમજ માજી મહામંત્રી શ્રી પરષોત્તમભાઇ દેવજીભાઇ વાસાણી (નડીયાદ) તથા માજી ખજાનચી શ્રી ગોવિંદભાઇ માવજીભાઇ વાસાણી (નડીયાદ) તથા ભુજ મંદિરમાં કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજના પ્રથમ ટ્રસ્ટી એવા પરષોત્તમભાઇ હરજીભાઇ વાસાણી (નડીયાદ) આદિ મહાનુભાવો સત્સંગ સમાજમાં સમયાંતરે હોદ્દેદારો તરીકે તેમજ ભુજ મંદિરમાં ટ્રસ્ટી તરીકે સેવા આપેલ છે. તેઓ સર્વે રવાપર ગામના વતની છે, જે આપણા માટે ગૌરવની વાત છે. ગામના સત્સંગ સમાજના ઈતિહાસના લેખનમાં કોઇ ક્ષતિ રહી ગઇ હોય તો ક્ષમ્ય ગણશો.

સંકલન કર્તા
વિનોદભાઇ દેવજીભાઇ સાંખલા
બોઇસર (રવાપર)

ક્ષમા યાચના...

- ખૂબ સાવચેતી રાખવા છતાં શરતચૂકથી નામ લખવામાં ભૂલ થવા પામી હોય અથવા વ્યાકરણની નાની ભૂલ રહી ગઇ હોય તો...
- માહિતી ન મળી હોય કે શરતચૂકથી કોઇ નામનો સમાવેશ ન કરી શકાયો હોય તો...
- કાળજી રાખવા છતાં છાપકામમાં અથવા બીજી કોઇ ક્ષતિ રહી જવા પામી હોય તો આપ સર્વે જ્ઞાતિજનો પાસે અમો ક્ષમા પ્રાર્થના યાચીએ છીએ... કારણ કે...

"સડક કીતની ભી સાફ હો, ધૂલ તો હોતી હી હૈ,
ઈન્સાન કીતના ભી બડા હો, લેકિન ભૂલ તો હોતી હી હૈ."



અસ્તુ...
પ્રકાશન સમિતિ

જ્ઞાતિ એ આપણી માતા છે. એનું રક્ષણ કરવામાં કાયરતા દાખવી ક્યારેક પીછેહઠ કરશો નહીં. એમ કરતાં કરતાં કોઈથી જરાપણ દબાશો નહીં સમાજએ ભગવાનનું સ્વરૂપ છે. સમાજનો દ્રોહ એ ભગવાનનો દ્રોહ છે.

- શ્રી કેશરા પરમેશ્વરા

"હે પ્રભુ ! મારી કચ્છ કડવા પાટીદારની પવિત્ર નાતમાં જ તું મને ફરીથી જન્મ આપજે જેથી આ જન્મનું સુધારક કાર્ય બીજા જન્મે પુરૂં કરી શકુ. આ જન્મમાં હું એ કાર્ય સંતોષકારક રીતે કરી શક્યો નથી. તમારી કૃપાથી બીજા જન્મમાં તેને બને તેટલું આગળ વધારવાનું છે." પ્રભુ પાસે મારી આ છેલ્લી પ્રાર્થના છે.


- શ્રી કેશરા પરમેશ્વરા

"આપણી આ સાગર જેવી મોટી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી તમે સહેજ પણ જુદા પડશો નહીં. જ્ઞાતિએ બાંધેલા નિયમો તેમજ ઠરાવોને શિરના સાટે પાળજો અને પાલન કરાવજો."

- શ્રી કેશરા પરમેશ્વરા

આપણા ઘરમાં ધર્મ ચાર હોઈ શકે છે પણ સમાજ ચાર હોતા નથી. આવા સમાજનું અપમાન કરવું તે ભગવાનના અપમાન બરાબર છે. આવું કરનાર મનુષ્યો ભગવાન અને સમાજના દ્રોહી બને છે.

- શ્રી કેશરા પરમેશ્વરા


realpatidar.com
જો તમે તમારા સંતાનો ને સંસ્કાર નહીં આપો તો તમારે સંપતિ અને સંતતિ
બન્ને ગુમાવાનો વારો આવશે.... પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજ
કેસરાભાઈ લાલજીભાઈ ચવાણ
(સત્સંગ સમાજના પ્રથમ પ્રમુખ)
અક્ષરનિવાસી શામજીભાઈ પ્રેમજીભાઈ ભગત
અક્ષરનિવાસી મણીબેન શામજીભાઈ ભગત
Pramukh Enterprise
Dharamshi Shamjibhai Bhagat
Vipul Dharamshibhai Bhagat
Pramukh Amrut, Ravapar, Kutch.
realpatidar.com